
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેમચંદ્ર

પુસ્તક ૩૬ મું. અંક ૪ થો.

# શ્રી આત્માનંદ પ્રકાશ

પ્રકાશક

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧ ભાવનગર જૈન આત્માનંદ સભા અને જ્ઞાનપંચમીનો મહોત્સવ (લે. રેવાશંકર વાલજી) ૮૯
૨ શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત સાહિત્યની રૂપરેખા ( લે. મુનિશ્રી ચતુરવિજયજી ) ૯૧
૩ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ [ ગદ્યાત્મક કાવ્ય ] ( લે. મુનિ શ્રી હેમેંદ્રસાગર ) ૯૨
૪ જૈન પર્વોની યાદી ( આ. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ ) ૯૬
૫ શ્રી વીરસ્તુતિ ( જ્ઞાનપિપાસુ ) ૯૯
૬ ગિરિવર દરિસણ વિરલા પાવે (તીર્થની મહત્વતા) ( નાગકુમાર મકાતી B.A.LL.B.) ૧૦૧
૭ ગુજરાતનો જ્યોતિર્ધર ( લે. ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૧૦૪
૮ તીર્થયાત્રા ( લે. મુનિશ્રી ન્યાયવિજયજી ) ૧૦૮
૯ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય સ્તુતિ (આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ) ૧૧૨
૧૦ સવાલાખ ટકાનો દહાડો ( તીર્થ મહિમા ) ( લે. ચોકસી ) ૧૧૩
૧૧ શ્રી હેમચંદ્રાચાર્ય સ્તુતિ ( લે. પં. શ્રી સમુદ્રવિજયજી ) ૧૧૬
૧૨ સ્વીકાર ને સમાલોચના ૧૧૭
૧૩ વર્તમાન સમાચાર ૧૧૮


---


## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટનું પુસ્તક

"મહામેઘવાહન જૈન રાજા ખારવેલ" નામનો પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ સુપ્રસિદ્ધ લેખક રા. સુશીલના હાથે તૈયાર થયેલ છે, ચાલતા ધોરણ મુજબ એ વર્ષના લવાજમનું વી પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને કારતક શુદ ૫ થી ભેટ મોકલવાનું શરૂ થયેલ છે જે સ્વીકારી લેવા અમારી નમ્ર સૂચના છે.

---

### શ્રી પરમાત્માના ચરિત્રો.

(ગુજરાતી ભાષામાં) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨-૦-૦
૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦
૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૦-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

### છપાતાં મૂળ ગ્રંથો.

૧ धर्माभ्युदय ( संघपति चरित्र. )
२ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.
४ पांचमो छट्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४-५

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદારદિલ દાનવીર



દંપતી



શેઠ શ્રી કાંતિલાલભાઇ ઇશ્વરદાસ

શ્રીમતી શકુંતલા બ્હેન કાંતિલાલ

શ્રી. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પંદરમા અધિવેશનને સફળ કરવાના શુભાશયથી કોન્ફરન્સના જનરલ સેક્રેટરી શ્રીયુત શેઠ શ્રી **કાંતિલાલભાઇ ઇશ્વરલાલ** રાધનપુરવાળા કાર્તિક શુદિ ૬ ના રોજ અત્રે પધારતા આ સભાની મુલાકાત તે જ દિવસે તેઓશ્રીએ લીધી હતી. તે સમયે સભાના સેક્રેટરીએ સભાની *સીરીઝની યોજના સંબંધી તેઓશ્રીને લખેલ પત્રની યાદી આપતાં શેઠશ્રીએ સભાની વિનંતિનો સ્વીકાર કરી **શેઠ શ્રી કાંતિલાલભાઇ ઇશ્વરલાલ ગ્રંથમાળા** અને **શ્રીમતી સૌ. શકુંતલા બ્હેન કાન્તિલાલ ઇશ્વરલાલ ગ્રંથમાળા**—એ રીતે બે સીરીઝ માટે તેઓશ્રીએ સભાને રૂા. ૩૦૦૦) આપવાની ઉદારતા દર્શાવવા બદલ તેઓનો સભા આભાર માને છે.

શેઠશ્રી ભાવનગરમાં ફક્ત સત્તર કલાક રોકાયા તેટલા ટાઇમમાં કોન્ફરન્સ અંગે અત્રેના લગભગ તમામ મુખ્ય આગેવાનો સાધુ, મુનિમહારાજો વગેરે સાથે યોગ્ય ચર્ચાઓ કરી અને અત્રેની જુદી જુદી સંસ્થાઓને આશરે રૂપીઆ સાડા આઠ હજારની ઉદાર સખાવત કરી ગયા છે. તેઓશ્રી સખાવતી દાનેશ્વરી નરરત્ન તરીકે જૈન કોમમાં જાણીતા છે. ગયા વર્ષમાં જ રાધનપુરખાતે એક બોર્ડીંગ રૂ ૪૫૦૦૦ ના ખર્ચે ચણાવી તેના નિભાવ અર્થે રૂ. ૭૫૦૦૦ આપ્યા, અંબાલા (પંજાબ) જૈન કોલેજની ઉદ્‌ઘાટન ક્રિયાપ્રસંગે રૂ. ૧૭૦૦૦ અને હાલમાં માંગરોળ જૈન કન્યાશાળાને મકાન ચણાવવા તથા કન્યાશાળાને હાઇસ્કુલના રૂપમાં ફેરવવા. રૂ. ૧૧૦૦૦૦) એક લાખ દસ હજારની બાદશાહી સખાવત કરી છે. આ કેળવણીને અનુલક્ષીને આ બધી ઉદારતાઓ કરી છે. આ ઉપરાંત બીજી પરચુરણ અનેક સખાવતો તેઓશ્રીએ કરેલ હોવાથી જૈન સમાજકુળભૂષણ **દંપતી યુગલ** જૈન સમાજમાં દાનેશ્વરી તરીકે પ્રથમ પંક્તિએ આવ્યા છે.

* આ જાતની ગ્રંથમાળા કે જેમાં આર્થિક સહાય આપનારના નામથી જ ગ્રંથો ઉત્તરોત્તર છપાય છે તેવો ધારો આ સંસ્થા સિવાય બીજી કોઇપણ જૈન સંસ્થામાં નથી. કારણ મુદ્દલ રકમ અનામત પડી રહે છે ને તેના વેચાણમાંથી ઉત્તરોત્તર ગ્રંથો છપાયા કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક: ૩૬ મું : અંક ૪ થો :

કાર્તિક : ૧૯૯૫ નવેમ્બર : ૧૯૩૮

# શ્રી ભાવનગર જૈન આત્માનંદ સભા

અને

# જ્ઞાનપંચમીનો મહોત્સવ.

હરિગીત છંદ

આજે સભાકેરી પ્રભા, પ્રગટાયમાન પવિત્ર છે,
આ ગ્રંથના ગંજો વિષે, મહાશય જનોનાં ચિત્ર છે;
પુસ્તકરૂપે પાનારૂપે, અક્ષરરૂપે શુભ નામ છે,
એ ગ્રંથયોજક સાક્ષરોને, પ્રેમપૂર્ણ પ્રણામ છે. ૧

જેણે બતાવ્યા ધર્મમાર્ગો, ગદ્ય-પદ્યરૂપે યથા,
તરવા ભવાબ્ધિ સાધનોની, છે કથાઓ સર્વથા;
અમૃત ખરું અવની વિષે, પરમાર્થી ગુરુ આપી ગયા,
આ જ્ઞાનપંચમીને દિને, એ પૂજ્યનાં દર્શન થયાં. ૨

પધરાવીયા દેવો અને, અર્ચન-પૂજન પ્રેમે કર્યાં,
વિધવિધનાં ફળ-ફૂલને, નૈવેદ્ય ધર્મ રીતે ધર્યાં;
મંગળ સ્તવન ને કીર્તનો, વાજીંત્ર સાથે થાય છે,
સાક્ષાત્ જાણે તીર્થભૂમિ, આ સ્થળે વરતાય છે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝગઝગી રહ્યા છે દીપકો, તે રંગ-બેરંગી ઘણા,
હા ! જ્ઞાનદીપક ગ્રંથનાં, પ્રતિબિમ્બ શું આ તે તણાં;
બ્હેંકી રહ્યા છે પુષ્પહારો, ધવલ ને સૌરભભર્યા,
મકરંદ લોભી ષટ્પદો, ગુંજાર કરતા છે ઠર્યા. ૪

ગ્રંથસ્થ એ મકરંદ પર, સાધક ભ્રમર ગુંજી રહે,
ભક્તિ અને શ્રદ્ધાતણાં, સરિતા સમાં વહનો વહે;
નવપદ પૂજાઓ થાય છે, સંગીતમય ભજનોવડે,
જિજ્ઞાસુ ને શ્રદ્ધાળુને, આ ઠામ બહુ તત્ત્વો જડે. ૫

અંતરીક્ષથી અવલોકતા, ગુરુવર્ય આત્માનંદજી,
સ્મરણાર્થ સ્થળમાં લાભ લે છે, જૈનકેરાં વૃંદજી;
પૂનિત શ્રી સૂરિજીને, સાથમાં સાધુ ઘણા,
સુપવિત્ર કીધી આ સભા, પગલાં થતાં મુનિઓતણાં. ૬

પૂજન કરે કોઇ દેવનું, વિદ્વાન ને ધર્મિષ્ઠનું,
આ ગ્રંથનું પૂજન કરે, તો ફળ મળે મન ઇષ્ટનું;
ઉપદેશકો ને પંડિતોનું, હૃદય આ શુભ ગ્રંથ છે,
આ **જ્ઞાનપાંચમ** પૂજવાનો, એ જ ઉત્તમ પંથ છે. ૭

દોહરા

ગ્રંથતણું પૂજન થતાં, ગ્રંથકાર પૂજાય,
જ્ઞાનપંચમી પર્વનો, મુખ્ય એ જ મહિમાય. ૧

જ્ઞાન અને વિદ્યા વધે, વધે ભક્તિ ને ભાવ,
શાણા જન ચૂકે નહીં, લક્ષવસા આ લ્હાવ. ૨

આત્માનંદ સભા વિષે, **મહોત્સવો** ઉજવાય,
જૈન ધર્મના તત્ત્વનું દર્શન અત્રે થાય. ૩

સં. ૧૯૯૫ કાર્તિક શુકલ પક્ષ
સૌભાગ્ય પંચમી
જ્ઞાનપંચમી

લી. ધર્મની અભિવૃદ્ધિ વાંછક
**રેવાશંકર વાલજી બધેકા**
ધર્મોપદેશક-**ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત સાહિત્યની રૂપરેખા

[ ગતાંક પૃષ્ઠ ૮૬ થી શરૂ ]

લે૦ મુ૦ **શ્રી ચતુરવિજયજી**

**जयसिंहदेववयणाउ, निम्मियं सिद्धहेमवागरणं ।**
**निस्सेससद्दलक्खण-निहाणमिमिणा मुणिंदेणं ॥**

અન્યત્ર બીજું કથન છે કે–

**किं स्तुमः शब्दपाथोधेर्हैमचन्द्रयतेर्मतिम् ।**
**एकेनापि हि येनेदृक्, कृतं शब्दानुशासनम् ॥**

–જિનમંડનગણિ

સિદ્ધરાજ જયસિંહે અનેક લહિઆઓ બેસાડી, ત્રણ વર્ષ સુધી પ્રતો લખાવી, ભિન્ન ભિન્ન દેશોમાં અને ભંડારોમાં મોકલાવી હતી.

આ ગ્રંથ વિદ્વાનોને બહુ જ હૃદયંગમ અને પ્રિય થયો હોય એમ તેના ઉપર અનેક વિદ્વાનોએ રચેલી કૃતિઓ ઉપરથી અનુમાન થાય છે. *

લિંગાનુશાસન તથા ઊણાદિ સૂત્ર વૃત્તિનો પણ તેના અંદર સમાવેશ થાય છે.

---

*૧. લઘુન્યાસ ( દુર્ગપદવ્યાખ્યા ) શ્લોકસંખ્યા ૩૦૦૦૦. કર્તા કનકપ્રભ. આ ગ્રંથ અમદાવાદ-નિવાસી શેઠ મનસુખભાઇ ભગુભાઇ તરફથી ઘણા વર્ષ પૂર્વે સિદ્ધહેમશબ્દાનુશાસન સાથે છપાઈ પ્રતાકારે પ્રસિદ્ધ થયેલ છે, પરંતુ કાર્ય કરનારાઓની બેદરકારીને લીધે પેપર વિગેરે અત્યંત નબળા હોવાને લીધે વિબુધ સમાજમાં વિશેષ પ્રસિદ્ધિમાં નથી મુકાયો.

૨. સં. ૧૩૬૮માં વાદિ દેવસૂરિસંતાનીય વિદ્યાધર ગણિએ બૃહદ્વૃત્તિ પરથી દીપિકા ઉદ્ધરી.

૩. સં. ૧૩૩૪માં પ્રભાવકચરિત્રના રચયિતા પ્રભાચંદ્રના ગુરુ કનકપ્રભના ગુરૂ દેવાનંદે હેમચંદ્રના વ્યાકરણમાંથી ઉદ્ધરી અભણ લોકો માટે સિદ્ધસારસ્વત નામનું વ્યાકરણ બનાવ્યું હતું. જુઓ નીચેના શ્લોકો–

श्रीदेवानन्दसूरिभ्यो नमस्तेभ्यः प्रकाशितम् ।
सिद्धसारस्वताख्यं यैर्निजं शब्दानुशासनम् ॥

श्रीदेवानन्दसूरिर्दिशतु मदमसा लक्षणाद् येन हैमा-
दुध्धृत्य प्राज्ञहेतोर्विहितमभिनवं सिद्धसारस्वताख्यम् ।
शाब्दं शास्त्रं यदीयान्वयकनकगिरिस्थानकल्पद्रुमश्च ।
श्रीमान् प्रद्युम्नसूरिर्विवदयति गिरं नः पदार्थप्रदाता ॥

૪. સૌભાગ્યસાગર, ઉદયસૌભાગ્ય, મુનિશેખર, હર્ષકુળની ટીકાઓ ઉપરાંત શ્રી રત્નશેખરસૂરિએ હૈમ વ્યાકરણ પર અવચૂરિ રચી.

૫. स्यादिशब्दसमुच्चय. કર્તા વાયટગચ્છીય અમરચંદ્રસૂરિ. આ ગ્રંથમાં સિદ્ધહેમશબ્દાનુશાસનમાં સાધેલા છએ લિંગના શબ્દોનો સંગ્રહ છે. ( પ્ર. યશોવિજયજી ગ્રંથમાળા. )

૬. ક્રિયારત્નસમુચ્ચય કર્તા ગુણરત્નસૂરિ. સં. ૧૬૬૬. હેમ વ્યાકરણમાં દર્શાવેલા ધાતુઓના રૂપોને સફળતાથી સમજાવેલ છે. (પ્ર. યશોવિ. ગ્રંથમાળા.)

૭. ન્યાયાર્થમંજૂષા. કર્તા હેમહંસગણિ સં. ૧૫૧૫ તથા ન્યાસ.

૮. સિદ્ધહેમના સૂત્રોને સિદ્ધાંતકૌમુદીના ઢબે ગોઠવી ત્રણ વૃત્તિઓ રચી. તેમાં બૃહત્ તે ચંદ્રપ્રભા ( હૈમકૌમુદી ) છપાઇ ગયેલ છે. મધ્યમ અમુદ્રિત છે લઘુ–હેમચંદ્રિકા પ્રેસકોપીરૂપે મારી પાસે છે.

૯. लघुहैमप्रक्रिया અને તેના પર ન્યાસ નામે હૈમપ્રકાશ. રચયિતા વિનયવિજયોપાધ્યાય. આ બન્ને ગ્રંથો મુદ્રિત છે.

૧૦. સં. ૧૨૮૦ શ્રી પ્રભસૂરિજીએ કારકના બે અધિકારો ઉપર કારકસમુચ્ચય નામે વૃત્તિ રચી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ કોષ ગ્રંથોના નંબર આવે છે. તેમાં પ્રથમ અભિધાનચિંતામણિ.આની રચનામાં એક અર્થવાચી જેટલા શબ્દો હોય તેનો સંગ્રહ છે, અને તેની શેષનામમાળા પણ પોતે રચેલ છે. આ ગ્રંથની ચાર પાંચ આવૃત્તિઓ થઇ ગઇ છે.

એક શબ્દના અનેક અર્થ થતાં હોય તે બતાવનાર અનેકાર્થ સંગ્રહ કોષ રચ્યો.

વનસ્પતિઓનાં નામ જાણવા માટે નિઘંટુ અને દેશીય પ્રાકૃત શબ્દો સમજવા માટે દેશીનામમાલા પણ બનાવેલ છે.

ત્યારપછી સાહિત્યના વિષયનો ગ્રંથ કાવ્યાનુશાસનની રચના કરી કાવ્યાન્તર્ગત અલંકારો સમજવા માટે સારી સગવડ કરી આપી. આ ગ્રંથમાં કાવ્યનો હેતુ, કવિના ગુણો, કાવ્યનું લક્ષણ, શબ્દની ત્રણ શક્તિઓ, કાવ્યસ્ખલનાઓ, કૃતિથી લાભો, શબ્દાલંકારો, અર્થાલંકારો, પાત્રો, કાવ્યકૃતિની જાતિઓ વિગરેનું નિરૂપણ છે. સ્વોપજ્ઞવૃત્તિ (અલંકારચૂડામણિ સાથે નિ. સા. પ્રેસ તરફથી પ્રકાશિત થયેલ છે)

છંદોનુશાસન-આ ગ્રંથ પણ સ્વોપજ્ઞવૃત્તિ વિભૂષિત છે. એમાં અનેક સ્થળે કુમારપાલના યશોગાન આવે છે. આ ગ્રંથ પણ મુદ્રિત છે.

આના પછી અલંકારચૂડામણિની રચના થયેલી હોવી જોઇએ, કારણ કે અલંકારચૂડામણિ ૩-૨ સ્ખલનાનો ખુલાસો કરતાં લખે છે કે-**इतवृत्तत्वः एतदपवादस्तु स्वछन्दोनुशासनेऽस्माभिर्निरूपित इति नेह प्रतन्यते।** પરંતુ મૂળ કાવ્યાનુશાસનની રચના તે પૂર્વે (છંદોનુશાસન પહેલાં) થઇ હોવી જોઇએ. પ્રમાણ તરીકે છંદોનુશાસનનો પ્રથમ જ શ્લોક બસ છે. તેમાં જણાવે છે કે-

**वाचं ध्यात्वार्हतीं सिद्ध-शब्द-काव्यानुशासनः।**
**काव्योपयोगिनां वक्ष्ये, छन्दसामनुशासनम् ॥**

# આ ચા ર્ય શ્રી

લેખક -

મુનિ હેમેન્દ્રસાગરજી

રત્નધારિણી ભૂમિ ભારતી
ઉજ્જવલ જે સમસ્ત વિશ્વમાં
જેના હૃદયે પુરાયાં છે
અમૂલ્ય, દિવ્ય, રત્નો.
કવિરત્નો, ન્યાયવિશારદો
વૈયાકરણીઓ, તત્ત્વજ્ઞાનીઓ
વિશ્વવિખ્યાત કરી ગયા
યશસ્વતી ભરતભૂમિને
કવિવરોએ કાવ્ય અર્પી
ન્યાયવિદોએ ન્યાયગ્રંથો ધરી
વૈયાકરણીઓએ વ્યાકરણગ્રંથો આપી,
ને તત્ત્વજ્ઞાનીઓએ તત્ત્વગ્રંથો દઈ
ચરણે ધરી છે અમૂલ્ય સેવા.
બહુરત્ના હિન્દ ભૂમિના,
કવિદેવો કાવ્યપ્રવીણ,
ન્યાયવિદો ન્યાયપ્રવીણ,
વ્યાકરણે પારંગત વૈયાકરણીઓ,
ને તત્ત્વજ્ઞાનપૂર્ણ તત્ત્વજ્ઞાનીઓ,
સર્વે હતા નિજ ક્ષેત્રે પૂર્ણ.
કિન્તુ અમૂલ્ય છે સેવા જેની,
કાવ્ય, ન્યાય, તત્ત્વ, વ્યાકરણ,
સર્વ ક્ષેત્રે પ્રવીણ સાધુશ્રેષ્ઠ
ગુર્જરીએ પ્રાપ્ત કીધા,
કલિકાલના સર્વજ્ઞ સમા,
અગાધ જેનો જ્ઞાનવારિધિ,
અતૂલ જેનો સંયમ ને ત્યાગ,
મનસા વચસા કાયેન
ત્રિવિધ બ્રહ્મતેજથી
સૂર્યશા ઝળહળતા
એવા એ બાળબ્રહ્મચારી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે
મ
ચં
દ્ર
સૂ
રિ

ભારતના ગૌરવ સમ,
સાધુવર અન્ય કોણ હોય ?
ગૃહે ગૃહે ગવાય જેનાં ગાન
એવા એ આચાર્યપ્રવર
શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી,
ગુર્જરી ભૂમિમાં સર્વ ભવિના
હૃદયમંદિરે બિરાજો.

* * *

દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે તેમની દઢતા;
આત્મા માત્ર સિદ્ધસ્વરૂપી તેમ માનતા,
કર્મ આવરણે દુષિત બને આત્મા
બનાવવો સદ્ગુણી ઉપદેશથી
એ મહદેચ્છા માની
વાંચ્છી જનસેવા પ્રેમભાવથી.
મનુષ્ય ગુણના પૂજક
ગુણપંથે જગત પળે તેવી ચહી ભાવના.
આર્દ્ર થતું દીન જનો પર
તેમનું પ્રેમભર્યું હૃદય.
સંયમની સુંદરતા, વિશુદ્ધતા
ખરેખરી મ્હાણી આચાર્યદેવે.
વસ્તુને વસ્તુ તરીકે પીછાને,
પ્રયત્ન કરે અભિલાષ રાખે,
આત્મશ્રેય સહ ધાવા
સંબોધતા તેને સમ્યગ્દષ્ટિ તરીકે
નૃપાલોને બોધ્યા ને દોર્યા
સર્વેને સન્માર્ગે,
કુમારપાલ નૃપ બન્યો
સાચો પૂજક હેમચંદ્રાચાર્યજીનો,
સંત સમાગમે ધન્ય થયો,

વ્યાકરણ અને કાવ્યનો સહેલાઈથી વિદ્યાર્થીઓને બોધ કરવા માટે સંસ્કૃત દ્વયાશ્રય કાવ્ય રચ્યું, જેના ૨૦ સર્ગ છે. પંદરમા સર્ગ સુધી જયસિંહ રાજાદિકનું વર્ણન આવે છે અને છેવટના પાંચ સર્ગ કુમારપાળ સંબંધી હકીકત છે. (એના ઉપર અભયતિલકની વિસ્તૃત વૃત્તિ છે ) એક બાજુ સંસ્કૃતનું વ્યાકરણ અને બીજી તરફ ઇતિહાસ.

પ્રાકૃત દ્વયાશ્રય કાવ્ય–આમાં માત્ર કુમારપાલનું વૃત્તાંત છે. આ બન્ને ઉપર સ્વોપજ્ઞવૃત્તિ ઉપલબ્ધ નથી. પોતે રચી ન હોય અગર તે પહેલાં દેહાંત થઈ જવાને કારણે રહી ગઇ હોય.

યશોવિજય જૈન ગ્રંથમાળા તરફથી પ્રસિદ્ધ થયેલ અભિધાન * ચિંતામણિની સ્વોપજ્ઞ વૃત્તિ આ સર્વ ગ્રંથો પછી રચેલી સંભવે છે. હું ન ભૂલતો હોઉં તો તેમાં દ્વયાશ્રયાદિના ઉદાહરણો પણ દૃષ્ટિગોચર થાય છે.

અભિધાન ચિંતામણિ કાં. ૩, શ્લોક ૭૬-૭૭માં કુમારપાળના નામો નીચે પ્રમાણે જણાવે છે.—

**कुमारपालश्चौलुक्यो राजर्षिः परमार्हतः ।**
**मृतस्व मोक्ता धर्मात्मा मारिव्यसनवारकः ॥**

અને कृपासुन्दर्याः सं. १२१६ **मार्गशुदिद्वितीयादिने पाणिं जग्राह श्रीकुमारपालः श्रीमदर्हद्देवतासमक्षम्** । એવી રીતે શ્રી જિનમંડન ગણિ ઉલ્લેખ કરે છે, તેથી આની રચના સં. ૧૨૧૬ પછીની કલ્પી શકાય છે.

હૈમધાતુપારાયણ ત્યારપછીની કૃતિ છે.

ત્યારબાદ ખાસ કુમારપાળના આગ્રહથી વીતરાગ સ્તોત્ર ( પ્રકાશ ૨૦ ), ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર[1]

---

૧. पूर्वं पूर्वजसिद्धराजनृपतेर्भक्तिस्पृशो याञ्चया
साङ्गं **व्याकरणं** सवृत्ति सुगमं चक्रुर्भवन्तः पुरा ।
**मद्धेतोरथ योगशास्त्रममलं** लोकाय च **द्वयाश्रय–छन्दोऽलङ्कृति–नामसंग्रह–मुखान्यन्यानि** शास्त्राण्यपि लोकोपकारकरणे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( [1]શ્લોકસંખ્યા ૩૬૦૦૦ ), [2]યોગશાસ્ત્ર ( સ્વોપજ્ઞવૃત્તિ યુક્ત ), મહાદેવસ્તોત્ર અને છેવટે પરિશિષ્ટ પર્વ રચ્યું કે જેમાં વજ્રસ્વામી સુધીની હકીકત આવે છે. આ સર્વ ગ્રંથો મુદ્રિત થઇ ગયેલ છે. વાંચતાં અત્યંત આનંદ ઉદ્ભવે તેમ છે. રચનાકૌશલ્ય, વાઙ્માધુર્ય અને દરેક પ્રસંગે યોગ્ય રસો પોષવાની પદ્ધતિ ઘણી જ પ્રશંસનીય છે.

અભિધાન ચિંતામણિ અને દેશીય નામમાળાની માફક અનેકાર્થ સંગ્રહ ઉપર પણ વિસ્તારપૂર્વક સ્વોપજ્ઞ વૃત્તિનું નિર્માણ કરત, પરંતુ દૈવની અકળ કળા હોવાને લીધે તેમની તે મુરાદ પાર પડી નહી તેથી તેમના શિષ્ય મહેંદ્રસૂરિએ રચી, ગુરુભક્તિ નિમિત્તે તેમના નામે પ્રસિદ્ધ કરી. જુઓ ત્યાંનો ઉલ્લેખ-

श्रीहेमसूरिशिष्येण, श्रीमहेन्द्रसूरिणा ।
भक्तिनिष्ठेन टीकेयं, तन्नाम्नैव प्रतिष्ठिता ॥

ત્યારપછીની કૃતિ પ્રમાણમીમાંસા હોવાની સંભાવના છે, કારણ કે તેની વૃત્તિમાં પોતે જ લખે છે કે-

आनन्तर्यार्थो वा अथशब्दः । शब्द-काव्य-छन्दोऽनुशासनेभ्योऽनन्तरं प्रमाणं मीमांस्यत इत्यर्थः॥

---

स्वयमेव यूयं, सज्जाः स्थ यद्यपि तथाप्यहमर्थयेऽदः । मादृग्जनस्य परिबोधकृते शलाकापुंसां प्रकाशयत वृत्तमपि त्रिषष्टेः ॥

तस्योपरोधादिति हेमचन्द्राचार्यः शलाकापुरुषतिवृत्तम् ॥
धर्मोपदेशैकफलप्रधान न्यवीविशच्चारुगिरां प्रपञ्चे ॥

त्रि. श. पर्व १०

२. या शास्त्रात् सुगुरोर्मुखादनुभवाच्चाज्ञायि किञ्चित् क्वचित् योगस्योपनिषद् विवेकपरिषच्चेतश्च मत्कारिणी ।

श्रीचौलुक्यकुमारपालनृपतेरत्यर्थमभ्यर्थता ।
दाचार्येण निशिता पथि गिरां श्रीहेमचन्द्रेण सा ।

આનો સમય નિશ્ચિત નથી પરંતુ વિ. સં. ૧૨૧૬ અને ૧૨૨૯ વચ્ચે જ સંભવિત છે.

કૃતકૃત્ય થયો રાજા કુમારપાલ.
વિશ્વપ્રેમ મંત્ર એ જ હતું.
શ્રેષ્ઠ લક્ષ આચાર્યપ્રવરનું,
તેનો પ્રચાર તે જ જીવનકર્તવ્ય,
જ્ઞાન-કીર્તિ સુણી રાગી થયો,
ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ.
સિદ્ધહેમ વ્યાકરણ પર
મુગ્ધ થયો તે ચતુર નરેન્દ્ર.
નિજ ધર્મ, રાજ્ય સહાયે
અન્યમાં ઠસાવવા ન ઈચ્છતા
શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી.
ચારિત્ર ને મુક્તિ સિવાય
ન હતી કોઈ તમન્ના જીવનમાં.
જીવન હતું સાદું અને શુદ્ધ,
ધર્મ સ્વીકાર્યો કુમારપાલે
ને સમભાવી બન્યો સર્વ ધર્મ પ્રતિ.
આત્મોન્નતિ માટે ઉપયોગી છે
માત્ર શુદ્ધ ધર્મ, ન અન્ય કોઇ.
એ ઉચ્ચ શિક્ષા પામ્યો
નૃપતિ કુમારપાલ
આચાર્ય કૃપાપ્રસાદીથી.
પ્રજાને પીડે તે શું સાચો નૃપ ?
પ્રજાપીડન ન ઇચ્છયું
ધર્મપ્રેમી કુમારપાલે.
તુચ્છ ગણી લાખોની આવક,
બિનવારસી મનુષ્યોની.
પ્રજા સુખી બને, જ્ઞાની બને,
તેવાં રચ્યાં ધારાધોરણો.
એવાં પામ્યો નીતિવચનો,
નૃપતિ કુમારપાલ
આચાર્યદેવની વાણીદ્વારા.
રચ્યા એમણે ધર્મશાસ્ત્રો
જગત માનવજાતની
મુક્તિનાં મોંઘા સમર્પણ કાજ,
બતાવી યોગની પ્રણાલિકા
વ્રત મહાવ્રતની વિધિઓનાં
કરાવ્યાં મનોહર દર્શન
યોગજ્ઞાનના પિપાસુઓને.
ઊકેલ્યાં ઈતિહાસ એણે
પ્રાચીન પુણ્યપુરુષોના,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવિત્વભરી અમરવાણીમાં;
સર્વ રસોના એ રત્નાકરમાં
કરાવી હજારો નરરત્નોની
જગતને અમર ઓળખાણ
ને મહાકાવ્ય અર્પ્યાં
માધુર્ય ને પ્રસાદ.
એણે શબ્દનો સંસ્કાર અર્પ્યો.
સાધ્યો એકધારો સૂત્ર ગ્રંથ,
ને એનાં સર્વ અંગ કર્યાં
યથાસ્થાને વ્યવસ્થિત.
શબ્દમાં, રસમાં, ન્યાયમાં,
સર્વ સ્થળે ગણાય,
નવનવા અલંકારો,
અનેક સાધ્યા પુણ્ય પ્રયત્નો
આત્મના પરાત્મના
એકાંતિક, શાશ્વત સત્યરૂપ
પરમ કલ્યાણના અર્થે
ગણિત, વૈદક, જ્યોતિષશાસ્ત્રના
વિવિધ રચ્યા ગ્રંથો,
આર્યત્વનું રક્ષણ ને
હિન્દુત્વ વિકાસ ઇચ્છતા,
આચાર્યદેવ હતા
ભારતના સાચા સુધારક;
પાહિણિ કુંખે જન્મ પામ્યા
ધંધુકાની પુણ્યભૂમિમાં,
ને કાર્યક્ષેત્ર બનાવ્યું,
ગુર્જરીનું પ્રાચીન પાટનગર
અણહિલપુરપાટણ.
ને સ્યાદ્‌વાદદષ્ટિએ
પુણ્ય પ્રેરણા અર્પી
સમસ્ત ભારતની જનતાને.
નમન હો કોટિશઃ
સહૃદયતાથી એવા સિદ્ધપુરુષ
પુણ્યવંત આચાર્યદેવ
શ્રી હેમચંદ્રજીના
પુનિત ચરણકમલમાં.

આવી રીતે વ્યાકરણ–કોષ–અલંકાર–છંદઃ અને ન્યાયગ્રંથો રચ્યા બાદ છેવટના સમયે ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, યોગશાસ્ત્ર અને વીતરાગ સ્તવાદિ સર્જેલાં હોય એમ મારું માનવું છે.

शब्द–प्रमाण–साहित्य–छन्दो लक्ष्मविधायिनाम् ।
श्रीहेमचन्द्रपादानां प्रसादाय नमो नमः ॥

—નાટ્યદર્પણ

અદ્યાવધિ ઉપલબ્ધ શ્રી હેમચંદ્રાચાર્ય કૃતિઓનું લિસ્ટ.

**વ્યાકરણ વિષય**

1 ૧ **सिद्धहेमशब्दानुशासन** લઘુવૃત્તિ ૬૦૦૦ મુદ્રિત
૨ ,, બૃહદ્‌વૃત્તિ ૧૮૦૦૦ ,,
2 ૩ બૃહન્ન્યાસ કેટલોક ભાગ પાટણ હેમાચાર્ય ગ્રંથમાળા તરફથી મુદ્રિત. શેષ અલભ્ય
3 ૪ **लिंगानुशासन** સવૃત્તિ ૩૦૦૦ મુદ્રિત

---

1 કોઇ વિદ્વાને ઉદ્ધરેલ મધ્યમવૃત્તિ ૮૦૦૦ શ્લોકપ્રમાણ છે. તેના ઉપર કોઇ અજ્ઞાતનામધેય મહાશયે રચેલી અવચૂરિ–સરલ ટીકા સાથે મુંબઇના લાલબાગ તરફથી છપાય છે. લઘુવૃત્તિ ઉપર ધનચંદ્રકૃત અવચૂરિ પણ છે. તે માટે જુઓ નીચેનો ઉલ્લેખઃ—

पंडितधनचन्द्रेण लघुवृत्त्यवचूरिका।
श्रुत्वोध्धृता च स्वगुरोः श्रीदेवेन्द्रसूरितः ॥

2 પૂર્ણ મળતો નથી. જેટલો મળે છે તે છપાવવાના પ્રયત્નો ચાલુ છે તે ઉપરાંત ધર્મઘોષસૂરિ, રામચંદ્રકૃત તથા દેવસૂરિશિષ્ય ગુણચંદ્રકૃત લઘુન્યાસની પણ નોંધ મળે છે. જેમકે–इति पण्डितपुण्डरीकेण श्रीकक्कलोपदेशेन तत्त्वप्रवेशिका वृत्तिः श्रीदेवसूरिपादपद्मोपजीविना गुणचन्द्रेण स्वपरोपकारार्थं श्रीहेमचन्द्रव्याकरणाभिप्रायेण प्राणायि ।

3 જયાનંદસૂરિની વૃત્તિ અને રત્નશેખરસૂરિની અવચૂરિ પણ મળે છે. અવચૂરિ સાથે ઉપાધ્યાય શ્રી ક્ષમાવિજયજીએ વિ. સં. ૧૯૯૩માં પ્રગટ કરેલ છે અને મોટી સ્વોપજ્ઞ ટીકા તથા શ્રી વલ્લભકૃત દુર્ગપદબોધાદિ સાથેનું શેઠ હીરાલાલ સોમચંદ તરફથી છપાય છે. સંપાદક ઉપાધ્યાય શ્રી ક્ષમાવિજયજી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



4 ૫ ઊણાદિસૂત્ર વૃત્તિ મુદ્રિત

• ૬ ધાતુપારાયણ ગ્રંથાગ્ર. ૫૦૦૦ "
(આત્માનંદ સભા તરફથી છપાય છે.)

5 ૭ ધાતુપાઠ "

6 ૮ પ્રાકૃત વ્યાકરણ સૂત્રવૃત્તિ "

૯ બાલભાષા વ્યાકરણ સૂત્રવૃત્તિ (અપ્રકાશિત)

**કાવ્ય ગ્રંથ**

7 ૧૦ હૈમ વિભ્રમ સૂત્ર વૃત્તિયુક્ત મુદ્રિત

૧૧ ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર શ્લોક ૩૬૦૦૦ મૂળ શુદ્ધ રીતે શ્રી આત્માનંદ સભા તરફથી છપાય છે. ભાષાંતરકર્તા જૈ. ધ. પ્ર. સભા. મુદ્રિત

8 ૧૨ **संस्कृतद्व्याश्रयकाव्य** સં. ૧૩૧૨માં અભયતિલક ગણિકૃત ટીકા મુદ્રિત

---

4 ઉણાદિ સિદ્ધ શબ્દો એકત્રિત કર્યા પછી સુંદર પદ્યમાં પ્રકાશ રચેલ છે. અન્ય વિદ્વાનોએ હેમશબ્દસંચય તથા હેમપ્રક્રિયા શબ્દ સમુચ્ચય વિગેરે રચેલ છે.

5 સોળમી સદીમાં હર્ષકુલગણિએ હેમિધાતુપાઠને કવિરૂપે ગુંથીને કવિકલ્પદ્રુમ નામે તૈયાર કરેલ છે, જે સટીક છપાઇ ગયેલ છે.

6 નરચંદ્રસૂરિએ પ્રાકૃત દીપિકા પ્રબોધ (શ્રી હેમપ્રાકૃત રૂપસિદ્ધિ ગ્રં. ૧૫૦૦) બનાવેલ છે અને અન્ય વિદ્વાનોએ ઢુંઢિકા નામે પણ વૃત્તિ રચેલી છે, જે મળી શકે તો પ્રસિદ્ધ કરવા યોગ્ય છે. ઢૂંઢિકાકાર દ્વિતીય હરિભદ્રસૂરિ અને હરિપ્રભની અવચૂરિ તે પાટણના ભંડારમાં છે. પ્રાકૃત વ્યાકરણ ઉપર સં. ૧૫૯૧માં ઉદયસૌભાગ્યે વ્યુત્પત્તિ દીપિકા અને સં. ૧૫૬૯માં તિલકગણિએ પ્રાકૃત શબ્દ સમુચ્ચય રચેલ છે.

7 આ ગ્રંથ સારસ્વતવિભ્રમ,કાતંત્રવિભ્રમના નામે પણ ઓળખાય છે. ઋ. દે. સભા રતલામ તરફથી મુદ્રિત થયેલ છે, અને ગુણચંદ્રસૂરિવિરચિત ટીકાયુત પ્રત ગુરુદેવ દક્ષિણવિહારી મુનિશ્રી અમરવિજયજી મહારાજના ડભોઇના ભંડારમાં છે.

8 આ કાવ્યનો પ્રથમ ભાગ ઈ. સ. ૧૯૧૫માં અને બીજો ભાગ ઇ. સ. ૧૯૨૧માં નિર્ણયસાગર તરફથી છપાઇ પ્રસિદ્ધ થયેલ છે.દરેકમાં દશ દશ સર્ગનો સમાવેશ કરેલો છે.બન્ને

# શ્રી જૈન પર્વોની ....ચાદી....

## વીર સં. ૨૪૬૫

## વિ. સં. ૧૯૯૫

કારતક સુદિ ૧ સોમ તા. ૨૪-૧૦-૩૮ નૂતન વર્ષારંભ.

કારતક સુદિ ૫ શુક્ર તા. ૨૮-૧૦-૩૮ જ્ઞાનપંચમી

કારતક સુદિ ૭ રવિ તા. ૩૦-૧૦-૩૮ અઠ્ઠાઇ પ્રારંભ

કારતક સુદિ ૧૪ રવિ તા. ૬-૧૧-૩૮ ચૌમાસી ચૌદશ

કારતક શુદિ ૧૫ સોમ તા. ૭-૧૧-૩૮ કાર્ત્તકી પૂનમ શ્રી સિદ્ધાચલજી યાત્રા

માગસર સુદિ ૧૧ શનિ તા. ૩-૧૨-૩૮ મૌન એકાદશી

માગસર વદિ ૧૦ શુક્ર તા. ૧૬-૧૨-૩૮ પોષ દશમી.

પોષ વદિ ૧૩ બુધ તા. ૧૮-૧-૩૯ મેરુ તેરસ

ફાગણ સુદિ ૬ શનિ તા. ૨૫-૨-૩૯ અઠ્ઠાઈ પ્રારંભ

ફાગણ સુદિ ૧૪ શનિ તા. ૪-૩-૩૯ ચૌમાસી ચૌદશ

ફાગણ વદિ ૮ સોમ તા. ૧૩-૩-૩૯ વર્ષીતપની શરૂઆત, શ્રી કેસરીયાનાથજીમાં મહોત્સવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈત્ર સુદિ ૭ સોમ તા. ૨૭–૩–૩૯ આયંબિલની ઓળી પ્રારંભ

ચૈત્ર સુદિ ૧૩ રવિ તા. ૨–૪–૩૯ શ્રી મહાવીર જયંતિ

ચૈત્ર સુદિ ૧૫ મંગળ તા. ૪–૪–૩૯ ઓળી સંપૂર્ણ.

શ્રી સિદ્ધાચલ યાત્રા

વૈશાખ સુદિ ૩ શનિ તા. ૨૨–૪–૩૯ અક્ષય તૃતીયા, વર્ષીતપ પારણાનો દિવસ.

અષાડ સુદિ ૭ શુક્ર તા. ૨૩–૬–૩૯ અઠ્ઠાઇ પ્રારંભ

અષાડ સુદિ ૧૪ શુક્ર તા. ૩૦–૬–૩૯ ચૌમાસી ચૌદશ

પ્રથમ શ્રાવણ વદિ ૪ શુક્રવાર તા. ૪–૮–૩૯ દોઢ માસનું ઘર

દ્વિ૦ શ્રાવણ સુદિ ૫ શનિ તા. ૧૯–૮–૩૯ મહિનાનું ઘર

દ્વિ૦ શ્રાવણ વદિ ૪ રવિ તા. ૩–૯–૩૯ પંદરનું ઘર

દ્વિ૦ શ્રાવણ વદિ ૧૨ રવિવાર તા. ૧૦–૯–૩૯ અઠ્ઠાઇઘર

શ્રી પર્યુષણા પ્રારંભ

દ્વિ૦ શ્રાવણ વદિ ૦)) બુધવાર તા. ૧૩–૯–૩૯–કલ્પઘર શ્રી કલ્પસૂત્ર· વાંચન દિવસ

ભાદરવા સુદિ ૧ ગુરૂ તા. ૧૪–૯–૩૯· મહાવીર જન્મવાંચન

ભાદરવા સુદિ ૨ શુક્ર તા. ૧૫–૯–૩૯–તેલાધર

**१३ प्राकृतद्व्याश्रयकाव्य** સં. ૧૩૦૭માં પૂર્ણકળશ ગણિકૃત ટીકા અને રાજશેખરની પણ વૃત્તિ છે. મુદ્રિત

**१४ सप्तसन्धान महाकाव्य** અપ્રાપ્ય

**१५ परिशिष्ट पर्व** ભાષાંતરકર્તા જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર. મુદ્રિત

**कोष–**

9 **१६ अभिधानचिंतामणि सवृत्ति** મૂળ ૩૦૦૦, વૃત્તિ ગ્રંથાગ્ર. ૧૦૦૦૦.

---

વિભાગ ઉપર સં. ૧૩૧૦માં અભયતિલકગણિએ પાલણપુરમાં રચેલી વૃત્તિ પણ છે, જે અતિ સુંદર છે. A. H. રાધણપુરમાં પત્ર ૮૧ની લઘુવૃત્તિની પ્રત છે. ( જૈન ગ્રંથાવલી ) આનું ગુજરાતી ભાષાંતર સને ૧૮૯૩માં શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડના વિદ્યાધિકારી કચેરી( વડોદરા )ની સૂચનાનુસાર મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ કરેલ છે.આ ગ્રંથમાંથી ઐતિહાસિક ઘણી સામગ્રી મળે તેમ છે. દ્વયાશ્રય કાવ્યવૃતિ. સચિત્ર સં. ૧૪૮૬ (?) લગભગ લખાયેલી પત્ર ૨૮૪ Contains Paintings one of Hemachandra and another of Kumarpal.

9 સં. ૧૬૬૧ માં હીરવિજય સૂરિશિષ્ય શુભવિજય હૈમીનામમાળા બીજક ( વિવિ૦ ઉદે૦ ), અને કોઇએ ૪૫૦૦ શ્લોકપ્રમાણ અવચૂરિ રચેલ છે. શુભશીલગણિએ આને અનુસરી ઊણાદિ નામમાળા રચી, ( સાગરભંડાર–પાટણ ), ભાનુચંદ્રગણિએ ભાનુચંદ્ર નામમાળા બનાવી; સં. ૧૬૬૭માં શ્રી વલ્લભે એના ઉપર સારોદ્ધાર નામની ટીકા રચી. આની એક પ્રત ( ત્રણ કાંડ સુધીની ) ભાવનગર–મારવાડીના વંડામાં બિરાજતા મુનિશ્રી કેશરવિજયજીના સૌજન્યથી પં. શ્રી ગંભીરવિજયના ભંડારમાંથી હમણાં જ મને જોવા મલી છે. તેના આદ્ય શ્લોકો જોવાથી અભિધાનચિંતામણિ ઉપર એમણે બે ટીકા રચી હોય એમ જણાય છે. જુઓ–श्रीमदर्हन्तमानम्य, संवित्संपद्विधायिनम् ।

**श्रीहेमचन्द्र**संदब्धनामकोषप्रबोधकम् ॥ १ ॥

स्वकीयज्ञानसिद्ध्यर्थं **श्रीवल्लभवाचकः** ।

**सारोद्धारमिमं** नाम्नां तनुते **नामनिर्णयात्** ॥२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



10 **१७ अनेकार्थ संग्रह** સ્વોપજ્ઞવૃત્તિ શ્લોક ૬૦૦૦ અને મહેંદ્રસૂરિકૃત વૃત્તિ ૧૨૦૦૦ શ્લોકની છે.

11 **१८ शेषनाममाळा.**

**१९ निघण्टु कोष,** અને શેષ.

**२० देशीय नाममाळा,** ૩૦૦૦ શ્લોક પ્રમાણ રત્નાવલી નામે સ્વોપજ્ઞવૃત્તિ યુક્ત, એના ઉપર શ્રીવિમળે ૧૨૦૦ શ્લોકપ્રમાણ ઉદ્ધાર રચેલ છે.

**न्यायग्रंथ.**

**२१ अयोगव्यवच्छेदिका द्वात्रिंशिका.** અવચૂરિ યુક્ત છપાયેલ છે.

12 **२२ अन्ययोगव्यवच्छेद** ,,

13 **२३ प्रमाणमीमांसा.**

---

निरणायि मया नाम्नं, निर्णयो **नामनिर्णये** ।

तत एवायमुद्धारः शीघ्रबोधाय तन्यते ॥ ३ ॥

એમણે શિબોંછ ઉપર પણ વૃત્તિ રચી છે. જુની ગુજરાતી જાણવા પણ ઉપયોગી છે. **સં.** ૧૬૮૬ માં આ દેવસાગર ગણીએ એની વ્યાખ્યારૂપે વ્યુત્પત્તિરત્નાકર નામની કૃતિ રચી.

10 એના ઉપર ભાનુચંદ્ર શિષ્ય સિદ્ધિચંદ્રે વૃત્તિ રચી ( છાણી ભંડાર )

11 શ્રી વલ્લભકૃત વૃત્તિ અમારા ગુરુદેવના ડભોઈના ભંડારમાં છે.

12 આના ઉપર વિક્રમની ચૌદમી સદીમાં મલ્લિષેણસૂરિએ **સ્યાદ્વાદમંજરી** નામે વૃત્તિ રચેલ છે, જે બે ત્રણ સ્થળે મુદ્રિત છે.

13 આનો દોઢ અધ્યાય આર્હતમપ્રતભાકરમાં છપાઇ બહાર પડેલ છે. સંપૂર્ણ ગ્રંથ તો પાંચ અધ્યાયનો છે. જુઓ તે જ વૃત્તિ–पञ्चभिरध्यायैः ॥ शास्त्रमेतदरचयदाचार्यः ( પ્રા.

ભાદરવા સુદિ ૪ રવિ તા. ૧૭–૯–૩૯ શ્રી સંવત્સરી

આસો સુદિ ૮ શુક્ર તા. ૨૦–૧૦–૩૯ આયંબિલની ઓળી પ્રારંભ-

આસો વદિ ૧૪ શુક્ર તા. ૧૦–૧૧–૩૯ દીવાળી

ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજના પટ્ટાલંકાર આચાર્યવર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજને ઘણા સ્થળોથી ચાલુ વર્ષના જૈન પર્વો સંબંધી પુછવામાં આવે છે, આથી પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના તરફથી તપાગચ્છના સમસ્ત સાધુ-સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ શ્રી ચતુર્વિધ સંઘની જાણ માટે ચાલુ વર્ષના જૈન પર્વોની યાદી બહાર પાડવામાં આવે છે.

પૂજ્યપાદ આચાર્યમહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની આજ્ઞાથી

**પં. સમુદ્રવિજયજી**
**અંબાલા સીટી (પંજાબ)**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



14 २४ द्विजवदनचपेटा.
२५ वादानुशासन.

योगग्रंथ.

२६ योगशास्त्र सवृति (શ્લોક ૧૨૦૦૦)

राजनीति

२७ अर्हन्नीति

अलंकार ग्रंथ.

15 २८ काव्यानुशासन. સ્વોપજ્ઞ વૃત્તિ (મુદ્રિત)
२९ अलंकारवृत्ति विवेक

स्तुति ग्रन्थ.

16 ३० वीतराग स्तोत्र.
३१ महादेव स्तोत्र.
17 ३२ अर्हत्सहस्रनामसमुच्चय

છેવટમાં જણાવવાનું કે-

व्याकरणं पञ्चाङ्गं, प्रमाणशास्त्रं प्रमाणमीमांसा ।
छन्दोऽलङ्कृतिचूडामणी च शास्त्रे विभुर्व्यधित ॥८३६॥

---

આર્હત્ પ્રભાકર-પુના) તે જેશલમેર ભંડારમાં હોવાનું સંભળાય છે. એના ઉપરથી કોઈ વિદ્વાને ઉદ્ધૃત પ્રમાણમીમાંસોદ્ધાર પણ પાટણના ભંડારોમાં મળી શકે છે. જુઓ. સૂચીપત્ર પૃ ૧૧૬

14 મુંબઇ લાલબાગના ભંડારમાં એની પ્રતિ છે.

15 મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ પણ અલંકાર ચૂડામણિ, છંદચૂડામણિ, અન્યયોગવ્યવચ્છેદિકાદ્વાત્રિંશિકની સ્યાદ્વાદમંજરી વૃત્તિ ઉપર વૃત્તિઓ રચ્યાના ઉલ્લેખો મળે છે.

16 પંજિકા અને અવચૂરિ યુક્ત દે. લા. પુ. ફં. તરફથી પ્રકાશિત છે. અને પ્રભાનંદકૃત દુર્ગપદ પ્રકાશનામા વિવરણ (શ્લો. ૨૧૨૫) પણ મળે છે.

17 યોગશાસ્ત્રની માફક આમાં પણ દશ પ્રકાશ યોજેલા છે, દરેક પ્રકાશમાં જિનેશ્વરના સો સો નામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જુઓ સં. ૧૯૯૨માં અમોએ છપાવેલ જૈનસ્તોત્ર સંદોહ ભાગ પહેલો.

# શ્રી વીર સ્તુતિ

વાણીની વાંસળી વગાડી રે,
વીર લગની લગાડી

ખલકનો તું ખરો ખેલાડી,
સૂલટી વાત સૂઝાડી રે-વીર લગની.

ગૌતમની ભવભીતિ ભગાડી,
ચન્દનબાલા જગાડી રે-વીર લગની.

સૂબોધ ગૂટિકા તેં વિશ્વને સૂંઘાડી
સમ્યક્ સૂખડી ચખાડી રે-વીર લગની.

સત્ય અહિંસાનો ધ્વજ જ ઉડાડી,
કષાયોને દૂર નસાડી રે-વીર લગની.

ખલકનો તું ખરો ખેલાડી,
સૂલટી વાત સૂઝાડી રે-વીર લગની.

ઘોર તપશ્ચર્યા કરી કોડી,
સિંચી તેં શિવફલવાડી રે-વીર લગની.

વિનયની સૂલતા ઉગાડી,
ક્રોધાદિ વીરને દૂર નસાડી રે-વીર લગની.

શાન્તિદાયક શુભ માર્ગ દેખાડી,
ભક્તોને મુક્તિ પમાડી રે-વીર લગની.

ચન્દ્ર માગે છે બે કર જોડી,
આપો સેવાતણી બુદ્ધિ રે-વીર લગની.

લેખક—"જ્ઞાનપિપાસુ"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एकार्थाऽनेकार्था देश्या निर्घण्ट इति च चत्वारः ।
विहिताश्च नामकोशाः, शुचिकवितानद्युपाध्यायाः
॥ ८३७ ॥

द्युत्तरषष्टिशलाकानरेतिवृतं गृहिव्रतविचारे ।
अध्यात्मयोगशास्त्रं विदधे जगदुपकृतिविधित्सुः
॥ ८३८ ॥

लक्षणसाहित्यगुणं विदधे च द्व्याश्रयं महाकाव्यम् ।
चक्रे विंशतिमुच्चैः स वीतरागस्तवानां च ॥८३९॥

इति तद्विहितग्रंथसङ्ख्यैव न हि विद्यते ।
नामानि न विदन्त्येषां मादृशा मन्दमेधसः
॥ ८४० ॥

પ્રભાવક ચરિત્રના ઉક્ત ઉલ્લેખાનુસાર અન્ય પણ ગ્રંથો સૂરીશ્વરે રચ્યા હોવા જોઇએ, પરંતુ અનેક આક્રમણોને કારણે અગર કૃમિ-કીટાદિના ખોરાકરૂપે થઈ વિનાશ પામ્યા હોવા જોઇએ. કદાચ કોઇ ગુપ્ત ભંડારોની દીવાલો વચ્ચે વિનાશોન્મુખ દશામાં અસ્તિત્વ ધરાવતા હોય તો તેની તપાસ કરી સવેળા પ્રસિદ્ધ કરવા વિદ્વાનોએ ઉદ્યમવંત થવું એ જ અભ્યર્થના.

શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના દરેક ગ્રંથ ઉપર ઊંડાણમાં ઉતરી ગુણદોષનો વિચાર, અન્ય કવિઓ સાથે તુલના, તત્તદ્ ગ્રંથાન્તર્ગત ઐતિહાસિક બાબતો, સામાજિક પરિસ્થિતિ વિગેરે અનેક બાબતો સંબંધી મોટાં નિબંધો તૈયાર થઇ શકે તેમ છે; પરંતુ તે કાર્ય માટે વિશાલ વાંચન અને સમયની અનુકૂલતાનો આધાર રહે છે.

આ તો માત્ર રૂપરેખા દોરી છે. જે વિદ્વાનોને માર્ગદર્શક થશે. આમાં અયુક્ત અગર ઇતિહાસ વિરુદ્ધ લખાયું હોય તો ક્ષમા યાચું છું અને તે સુધારી વાંચવા સુજ્ઞજનો પ્રત્યે પ્રાર્થના કરી, સૂરીશ્વરને સ્તવી વિરમું છું.

आचार्या बहवोऽपि सन्ति भुवने भिक्षोपभोगक्षमा,
नित्यं पामरदर्पिताऽनविद्यावत्युग्रज्ञाग्रत्कराः ।
चौलुक्यक्षितिपालमालदृषदा स्तुत्यः स एकः पुन
र्निर्घोत्तेजितपादपङ्कजनखः श्रीहेमचन्द्रो गुरुः ॥ *

**पुरातन प्रबंध संग्रह पृ. ३७**


---

* सन्त्यन्ये कवितावितानरसिकास्ते भूरयः सूरयः,
क्ष्मापस्तु प्रतिबोध्यते यदि परं श्रीहेमसूरेर्गिरा ।
उन्मीलन्ति महामहांस्यपि परे लक्षाणि ऋक्षाणि वै,
नो राकाशशिना विना बत भवत्युज्जागरः सागरः ॥
—જિનમંડનગણિ.

क्लृप्तं व्याकरणं नवं विरचितं छन्दो नवं द्व्याश्रया-
ऽलङ्कौ प्रथितौ नवौ प्रकटितौ श्रीयोगशास्त्रं नवम् ।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रं नवम् ।
बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः ॥
—સોમપ્રભ, શતાર્થી ટીકા, શ્લો. ૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગિરિવર દરિસણ વિરલા પાવે

લેખક

**શ્રી નાગકુમાર મકાતી**
B. A. LL. B.

" Give me my scallop-shell of quiet,
My staff of faith to walk upon,
My scrip of Joy, immortal diet,
My bottle of salvation,
My gown of glory, hope's true gage:
And thus I'll take my pilgrimage.

* * *

Over the silver mountains,
Where spring the nectar fountains,
There will I kiss,
The bowl of bliss,
And drink mine everlasting fill,
Upon every milken hill.
My soul will be a-dry before:
But, after, it will thirst no more.

**Raleigh.**

[ મને મારી શાન્તિરૂપી તર્પણી આપો, પ્રવાસકાજે શ્રદ્ધાનો દંડ આપો, આનંદની ઝોળી આપો, અમરતાનું ભાથું આપો, સ્વતંત્રતાનું તુંબીપાત્ર આપો, પ્રભાની કફની આપો, આશાની સાચી બાંહેધરી આપો: અને આમ હું મારી યાત્રાએ વિચરીશ...જ્યાં અમૃતના ફુવારા ઊડે છે એવા રૂપેરી પહાડો ઉપર પરમસુખની પ્યાલીને હું ચૂમીશ, અને દૂધ જેવી ડુંગરીઓ પર શાશ્વત તૃપ્તિનું પાન કરીશ. મારા આત્માને તો ક્યારનીયે પ્યાસ લાગી હશે; પણ, પછીથી, તે કદીએ તરસ્યો થશે નહિ—**રૅલે.** ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'જાત્રા જઇએ છીએ,' 'કાર્તકી પુનમ ઉપર પાલીતાણા જવું છે' આવા શબ્દો આજકાલ કાને પડે છે અને મારા મગજમાં અનેક તર્કવિતર્કો ઊઠે છે, અનેક ભાવો જાગૃત થાય છે, અનેક દૃશ્યો નજર સમક્ષ ઉપસી આવે છે. પવિત્ર મનોભાવવાળા યાત્રિકોની ઘડિભર ઇર્ષ્યા આવે છે અને "ગિરિવર દરિસન વિરલા પાવે" એ કડી ગોખતાં ગોખતાં એ વિરલાઓના ભાગ્યની અદેખાઇ થાય છે.

પૂર્ણિમા ઉપર યાત્રા કરવાનું અહોભાગ્ય મારા નસીબમાં નથી એનું મને દુઃખ થાય છે. સોલે કલાએ ખીલી રહેલો ચંદ્ર, તેનાં ધવલ કિરણોથી રસાયેલાં રૂપેરી ગિરિશિખરો અને એ શિખરો ઉપર ઊભેલી શિખરના કળશ સમી પવિત્ર મંદિરમાલાઓ–અને એ સૌની વચ્ચે ઉભેલો નાનકડો 'હું' એ દૃશ્ય કેટલું અદ્‌ભૂત, રોમાંચક અને અપાર્થિવ લાગે છે. નિસર્ગ દેવની આ મધુર ગોદમાં આત્મા કેટલો સ્વતંત્ર, કેટલો હળવો અને કેટલો ભવ્ય જણાય છે!

પૂર્ણિમાના આ દૈવી દૃશ્યનો લાભ મારાથી નથી લેવાતો તેનું મને જેટલું દુઃખ છે તેટલો જ મને સંતોષ છે કે અનેક, જેઓ પૂર્ણિમાના પવિત્ર દિવસોમાં ગિરિવરનાં દર્શને જાય છે તેઓ, પૂર્ણિમાનો સાચો રસ લૂંટ્યા સિવાય પાછા આવે છે અને મારા દુઃખમાં સમભાગી થાય છે. પૂર્ણિમાની ખરી યાત્રા રાત્રે સંભવે છે. દિવસે કરવામાં આવતી પૂજા–અર્ચના બીજા દિવસો કરતાં જુદી હોઇ શકતી નથી–તેમજ પૂર્ણિમાનો દિવસ પણ બીજા દિવસો કરતાં જુદો હોતો નથી. આમ છતાં આપણી પૂર્ણિમાની યાત્રા દિવસના વિધિવિધાનમાં જ પૂરી કરી આપણે સંતોષ માની લઇએ છીએ અને તેની ખરી લ્હાણ અનુભવી શકતા નથી. સરોવરને કાંઠે જઇ જલ પીધા વિના પાછા આવવા જેવી આ કમનસીબ બીના છે.

આપણા તીર્થો–યાત્રાધામો મોટે ભાગે પર્વતીય પ્રદેશ ઉપર આવેલાં છે એ કોઈ અર્થવિહીન અકસ્માત્ નથી.–ખૂબ વિચારપૂર્વક એ યોજના થયેલી હોય એમ જણાય છે. જગતના શ્રમથી થાકેલો જંજાળી મનુષ્ય સંસારની અનેક વિટંબણાઓમાંથી મુક્તિ મેળવવા ઇચ્છતો હોય તો તેને માટે એકદમ પવિત્ર, શાન્ત, ભવ્ય અને મનોહર સ્થાન હોવું જોઇએ. સંસારથી ઘવાયેલો આત્મા છૂટકારાનો દમ ખેંચવા તદ્દન નિર્જન અને ચિન્તા મુક્ત સ્થાન ઇચ્છે છે. કૃત્રિમ જીવન જીવતો માનવ કુદરતને ખોળે મ્હાલવા ઝંખે છે, તેથી કુદરતના મધ્યમાં કુદરતના એક ભાગ સમી ઉન્નત ગિરિમાળાએ ઉપર લાખ્ખોને ખર્ચે દેવવિમાન સમાં મંદિરો બાંધવામાં આવ્યા છે. જગતના મનુષ્યને જે જોઇએ તે શાન્તિ–આનંદ–આત્મસાક્ષાત્કાર અહિં મળી શકે છે.

પરંતુ આપણે તો તીર્થની અને યાત્રાની આ બાજુ પ્રત્યે સાવ ઉદાસીન છીએ. તીર્થયાત્રાનું ખરૂં રહસ્ય આપણે વિચારતા જ નથી. આપણા ગામ કે શહેરનાં મંદિરો છોડી મોટો ખર્ચ કરી આટલે દૂર આપણે શામાટે આવ્યા છીએ તે વિચારવાની આપણે તસ્દી જ લેતા નથી. રમણીય કુદરતી વનપ્રદેશ, ખળખળ નિનાદ કરી વહેતાં ઝરણાંઓથી પ્રક્ષાલિત ગિરિપ્રદેશ, મનોહર વનશ્રી, ભવ્ય એકાન્ત કે વિરાટનાં દર્શન આપણને આકર્ષી શકતાં નથી. આપણા મગજને આ બધું સમજવાની અને આપણાં નયનોને એ બધું નિહાળવાની આપણે તકલીફ આપતા નથી અને પરિણામે આપણો યાત્રાશ્રમ નિષ્ફળ થાય છે.

**એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ**
**કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તત્કાળ**

આપણાં શાસ્ત્રો આવું કહે છે. તીર્થો ભણી ભરાતું એક એક ડગલું માનવીને ઉદ્ધારવાને સમર્થ છે. આપણે અનેક વખત તીર્થો ભણી અનેક યાત્રાઓ કરી સંખ્યાબંધ ડગલાં દઇએ છીએ છતાં આપણે આગળ વધતા નથી. કવિ શેલેના શબ્દોમાં "શાશ્વત તૃપ્તિનું પાન કરી શકતા નથી. શાસ્ત્રો અને અનુભવ વચ્ચે આટલો મોટો ભેદ શાથી? કાં તો શાસ્ત્રો ખોટાં, કાં તો અનુભવ ખોટો; પણ નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બન્ને ખરાં છે. તીર્થયાત્રાનો ખરો ઉદ્દેશ હૃદયશુદ્ધિનો છે એ આપણે ભૂલી જઇએ છીએ. ઉદ્દેશ ભૂલી યાત્રાના ખોળીયામાં રાચનારા આપણને શાસ્ત્રની વાણી કયાંથી ફળે? તેનું સત્ય કયાંથી સમજાય? જગતના ઉપકારાર્થે સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર ઉતરી ચાલનાર ગંગાના કે નિર્મળ જળવાળા સૂરજકુંડના આત્મભોગ અને સેવા ધર્મના રૂપકને ભૂલી તેના જળસ્નાનમાં જ આપણે યાત્રાની ઇતિકર્તવ્યતા સમજીએ છીએ. મહાવીરનાં ત્યાગને ભૂલી તેની મૂર્તિપૂજામાં જ અવતારની સફળતા માનીએ છીએ. શત્રુંજયના પવિત્ર વાતાવરણમાં આત્માની વિચારણા કરવાને બદલે નવ્વાણું વખત ચઢઉતર કરવાના કષ્ટમાં આપણે યાત્રાનો લ્હાવો લઇએ છીએ. તીર્થયાત્રાનું સાચું રહસ્ય સમજવાથી જ યાત્રામાં અલૌકિક આનંદ આવે છે. જેમ યાત્રાધામની ભૂમિ પવિત્ર હોય છે તેમ યાત્રિકની મનોભૂમિ પણ સ્વચ્છ હોવી જોઇએ. છ 'રી' પાળવાનો હેતુ મનની પવિત્રતા સાધવાનો છે. માનસિક શુદ્ધિ સાથે યાત્રા કરનાર તેનો સાચો ધર્મ સમજી શકે છે. હૃદયની શુદ્ધિ ઉપરાંત બીજા અનેક લાભો તીર્થયાત્રાથી થાય છે. દાખલા તરીકે દેશપરિકમ્મા, અનુભવવૈવિધ્ય, સંસારની ઉપાધિયોમાંથી મુક્તિ, સત્પુરુષોના ચરિત્રોનું સ્મરણ, સત્સંગ, દેશદેશના લોકાચારનું જ્ઞાન, રમણીય નૈસર્ગિક પ્રદેશનું પર્યટન, આત્મલાઘવપ્રાપ્તિ, આત્મચિંતનનો ઉપયોગ અને વિરાટનું દર્શન.

આમ ખૂબ ઉપયોગપૂર્વક, માનસિક તૈયારીપૂર્વક, ચિત્તશુદ્ધિ અને તેને અનુસરતા આચારવિચારપૂર્વક ચક્ષુઓ અને અંતરને ખુલ્લાં રાખી યાત્રા કરનાર, અન્ય ક્ષેત્રમાં કરેલાં પાપોને તીર્થક્ષેત્રમાં જરૂર દફનાવી શકશે. કવિ રેલે કહે છે તેમ "જ્યાં અમૃતના ફુવારા ઊડે છે એવા રૂપેરી પહાડો ઉપર પરમસુખની પ્યાલીને ચૂમતો આત્મા કદિયે તરસ્યો થશે નહિ," અને આપણા કવિ વીરવિજયજી કહે છે તેમ :

"નિર્જરતો ગુણ શ્રેણે ચડતો,
ધ્યાનાંતર જઇ અડતો રે;
શ્રી શુભવીર વસે સુખ મોજે,
શિવસુંદરીની સેજે રે."

**અહિંસાનો સ્વભાવ જ એવો છે કે એમાંથી ઉદ્ભવતા સત્યાગ્રહનું પરિણામ સમન્વયનું રૂપ પકડે છે. અને દુનિયામાં ખરું સામર્થ્ય સમન્વયનું જ છે. અહિંસાથી સમન્વય, સમન્વયથી શાન્તિ અને સામર્થ્ય, સામર્થ્યથી સેવા અને સેવાથી મુક્તિ એ જ માનવ ઉન્નતિનો ક્રમ છે.**

**—કાકા કાલેલકર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતનો જ્યોતિર્ધર

લેખક ભ. મ. મહેતા.

### અનુષ્ટુપ્.

હેમ-ચંદ્ર ઊગ્યો પૂર્ણ, ગુર્જર ગગનાંગણે;
જ્યોતિ વિસ્તારતો સૌમ્ય, અખિલ વિશ્વમંડલે. ૧.
ભારતીના મહાભક્ત, ને જ્યોતિર્ધર ભારતે;
શ્રી હેમાચાર્ય જન્મ્યા જ્યાં, ધન્ય ગુર્જર રાષ્ટ્ર તે ! ૨.

### વસંતતિલકા.

સાક્ષાત્ સરસ્વતી શું આ નરરૂપધારી ?
વાચસ્પતિ અવનિમાં શું ગયા પધારી ?
એવા વિતર્ક જનના મનમાં લસંતા,
શ્રી હેમચંદ્ર વચનામૃતને સુણતાં. ૩.

સત્‌શબ્દશાસ્ત્રમય દેહ રૂડો બનાવી,
આત્માસ્વરૂપ તહિં કાવ્યરસો લસાવી;
સાહિત્યસુંદરી અલંકરીને સુછંદે,
સર્વાંગસુંદર કરી સૂરિ હેમચંદ્રે. ૪.

### અનુષ્ટુપ્.

લોક કલ્યાણને અર્થે; સમર્પ્યો દેહ ઇસુએ;
તે જ અર્થે ઘણા જન્મ, અર્પ્યા શ્રી હેમસૂરિએ. ૫.

### માલિની.

અપ્રતિમ પ્રતિભાથી પૂર્ણ શ્રી હેમચંદ્રે,
અમૃતમયી પ્રસારી જ્ઞાનજ્યોત્સ્ના સુછંદે;
તહિં સુજન-ચકોરો ન્હાઇ આનંદ પામે,
સુમન કુમુદકેરો પૂર્ણ ઉદ્‌બોધ જામે. ૬.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અનુષ્ટુપ્.**

નગ્ન પદ્મિનીની સામે, વિદ્યાસાધક હેમની;
નગ્ન અસિ રહી સાક્ષી, રોમે ય અવિકારની. ૭.

**શાર્દૂલવિક્રીડિત.**

સ્પર્દ્ધા પાણિનિ વાણીનીય કરતી વાણી વહી હેમની,
સૌ પાંડિત્ય ગુમાનિતા ગળી ગઇ સૌ પંડિતંમન્યની;
બીડાયા વદનાબ્જ વાદીજનના શ્રી હેમ-ચંદ્ર સ્ફુરે,
સર્વે વાઙ્મય વક્ત્ર-પદ્મ વિકસ્યા વાગ્વ્યોમમાં તે ઊગ્યે. ૮.

**અનુષ્ટુપ્.**

રાજપૂજ્ય છતાં જેણે, રાજપિંડ ગ્રહ્યો નહિં;
હેમચંદ્ર મહર્ષિ તે, ત્યાગી પરમ નિઃસ્પૃહી. ૯.

નવ વર્ષ વયે સાધુ, આચાર્ય વર્ષ સત્તરે;
"વય ના તેજનો હેતુ", વિબુધો ન શું ઉચ્ચરે? ૧૦.

**ઇંદ્રવજ્રા.**

"કયો ધર્મ છે ઉત્તમ?" પૂછ્યું પ્રેમે,
શ્રી સિદ્ધરાજે તહિં સૂરિ હેમે;
દૃષ્ટાંત 'સંજીવનીન્યાય' આપ્યું,
અદ્ભુત નિષ્પક્ષપણું બતાવ્યું. ૧૧.

**વંશસ્થ.**

શ્રી હેમની સર્વ વિપક્ષ સાક્ષીએ,
ઉદારઘોષા ઉદ્ઘોષણા જ એ:
"न वीतरागात्परमस्ति दैवतम्,
न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥"
'નિરાગીથી કો પર દેવતા નથી,
વિના અનેકાંત નયસ્થિતિ નથી.' ૧૨.

**ભૂજંગી.**

મહાદેવનું બોધી સાચું સ્વરૂપ,
**મહાદેવનું સ્તોત્ર** કીધું અનૂપ;
મહાદેવ શ્રી વીતરાગે સુરાગી,
નમું હેમસૂરીંદ્ર એવા સુભાગી. ૧૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાદેવ બ્રહ્મા અને બુદ્ધ વિષ્ણુ,
બધા દેવ પ્રત્યે અહા ! તે સહિષ્ણુ;
સદા વીતરાગત્વ સર્વત્ર પૂજે,
ગુણી દષ્ટિને તો ગુણો માત્ર સૂઝે. ૧૪.

" भवबीजांकुरजनना, रागाद्यः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥ ( મહાદેવસ્તોત્ર )

સ્રગ્ધરા.

પામી સદ્બોધ જેનો નૃપકુલતિલકે ભૂપ કુમારપાલે,
આખા રાષ્ટ્રે ' અમારિ ' પટહતણી કરી ઘોષણાઓ કૃપાળે;
લાખો મુંગા જીવોને અભય દઈ લીધી મૂક આશિષ ભારી,
શ્રી હેમાચાર્ય એવા કરુણનિધિ કરો નિત્ય રક્ષા અમારી ! ૧૫.

અનુષ્ટુપ્.

અદ્યાપિ યે દીસે તેનો, પ્રભાવ ગુજરાતમાં;
સામ્રાજ્ય જ્યાં અહિંસાનું,–જેવું ના અન્ય પ્રાંતમાં. ૧૬.

ઇંદ્રવંશા.

કો દક્ષ કાવ્યે પટુ કોઇ નાટ્યમાં,
કો શબ્દશાસ્ત્રે વળી કોઈ ન્યાયમાં;
કોઇ અલંકારમહીંય છંદમાં,–
સર્વત્ર નિષ્ણાતપણું જ હેમમાં. ૧૭.

ઉપજાતિ.

અગ્નિપરીક્ષામહીંથી સદાય,
ઉત્તીર્ણ સુવર્ણ જગે પૂજાય;
પ્રસિદ્ધ જાણે કરતી જ એમ,
ગજારૂઢા તત્કૃતિ ' સિદ્ધહેમ '. ૧૮.

અનુષ્ટુપ્

કષ છેદ અને તાપે, શુદ્ધિ સંસિદ્ધ હેમની;
વિશુદ્ધિ તેમ છે સિદ્ધ, હેમના ' સિદ્ધહેમ 'ની. ૧૯

ભૂજંગી.

' ત્રિષષ્ટિ શલાકા નરો 'ના ચરિત્ર,
રચ્યા હેમચંદ્રે રસાળા પવિત્ર;
સુણી જે સકર્ણો કરે કર્ણ ધન્ય,
રસાસ્વાદી આનંદ લૂંટે અનન્ય. ૨૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વસંતતિલકા.**

'કાવ્યાનુશાસન' જ 'દ્વયાશ્રય' 'યોગશાસ્ત્ર',
'છંદોનુશાસન' રચી વીતરાગસ્તોત્ર;
ઊંડાં અગાધ કવિતા સરિતા જલોમાં,
હેમે નિમજ્જન કરાવ્યું રૂડા રસોમાં. ૨૧.

**ઇંદ્રવજ્રા**

જે 'અન્યયોગવ્યવચ્છેદ' આમ્ર,
રોપ્યો શ્રી હેમે ગુણગ્રામ નમ્ર;
'સ્યાદ્વાદ'ની 'મંજરી' ત્યાં ખીલી છે,
તત્ત્વજ્ઞ કોકિલ કુલે ઝીલી છે. ૨૨.

**સ્વાગતા**

સાર્ધ કોટિ ત્રણ શ્લોકપ્રમાણ,
જે ગયા ગ્રથી સુગ્રંથ મહાન;
તે અપૂર્વ પ્રતિભાધર ભાનુ,
હેમસૂરીશ ચિરંજીવ માનું. ૨૩

**અનુષ્ટુપ્**

ગુરુના ગુરુ સાહિત્ય,–સ્વામી સમર્થ તે મહા,
ગુર્જર ભૂમિને ભાગ્ય, સુયોગે સાંપડ્યા અહા! ૨૪

**ત્રોટક**

તપ તેજથી હેમ રવિ જગમાં,
સમતાથકી સૌમ્ય જ **સોમ** સમા;
શુભ **મંગળ** મૂર્ત્તિ **ગુરુ** બુધમાં,
સ્મરને **શનિ** બ્રહ્મથી **શુક્ર** સમા. ૨૫

**અનુષ્ટુપ્**

જયંતિ ઉજવી એવા, જ્યોતિર્ધર મહાત્મની,
ગુણજ્ઞ ગુર્જરી ભક્તો, અર્પે અંજલિ ભાવની. ૨૬
પૂર્ણિમા ચંદ્રવત્ આપે, આનંદ બુધવૃંદને,
**મનોનંદન** તે વંદું, હેમચંદ્ર મુનીન્દ્રને. ૨૭

**ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા**
**M. B. B. S.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થ—

લેખક—મુનિમહારાજ

આજે ચાતુર્માસની પૂર્ણાહુતિ થાય છે અને તીર્થયાત્રાનાં દ્વાર ખુલ્લાં થાય છે. અનેક મુમુક્ષુઓ તીર્થયાત્રાનો આનંદ લેવા તીર્થસ્થાનોમાં ઉતરી પડે છે, પરન્તુ ઘણી વાર કેટલાએ મુમુક્ષુઓ તીર્થયાત્રાનું સાચું રહસ્ય સમજતા ન હોવાથી યથાર્થ રીતે પૂરો લાભ ઉઠાવી શકતા નથી. આ સંબંધી ઘણી વાર ઘણું કહેવાયું છે અને કહેવાય છે, છતાંયે સમયોચિત સૂચના આપવી ઉચિત ધારી છે.

તીર્થ એટલે तारयतीति तीर्थं જે આત્માને તારે તે તીર્થ. આ વ્યાખ્યા દરેક મુમુક્ષુઓએ લક્ષમાં લેવા જેવી છે. જ્યાં જવાથી આત્મ-શુદ્ધિ થાય, જેની ઉપાસનાથી આત્મકલ્યાણ થાય એ તીર્થ કહેવાય. તીર્થ બે પ્રકારનાં કહેવાય છે: સ્થાવર અને જંગમ તીર્થ. સ્થાવરતીર્થ એનું નામ છે કે જ્યાં તીર્થંકર દેવોનાં પાંચ કલ્યાણક થયાં હોય, જ્યાં તેમની ચરણરજથી પવિત્ર થયેલી ભૂમિ હોય અને મહાત્માઓ—સાધુઓ પધાર્યા હોય, અનશન કર્યું હોય, કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હોય કે નિર્વાણ થયું હોય—આ બધાં સ્થાનો તીર્થભૂમિ કહેવાય છે. આ સ્થાનો સ્થાવર તીર્થ કહેવાય છે. આ સિવાય ગુરુસ્થાનો અને આગમ તીર્થ પણ તીર્થસ્થાન જ છે. આ સ્થાને જવાથી ત્યાંના પરમાણુઓ, પવિત્ર રજકણો આપણા જીવન ઉપર જરૂર અસર કરે છે. તેમાંયે પહાડ ઉપર ખુલ્લી હવામાં એકાંત સ્થાનમાં કે જ્યાં જ્યાં શ્રી તીર્થંકર દેવો અને મહાત્માઓ વિચર્યા હોય એ ભૂમિમાં ધ્યાન ધરવાથી મુમુક્ષુઓની આત્મજાગૃતિ જરૂર થાય છે, આશ્રવ દ્વાર રુંધાય છે, આપણી ક્ષતિઓનું યથાર્થ ભાન થાય છે અને આપણામાં રહેલા કષાય, મિથ્યાત્વ, અવિરતિનું યથાર્થ જ્ઞાન થવા સાથે એ પૂર્વ પૂજ્ય પુરુષોના જીવનમાંથી અનુપમ બોધ લઈ આ જીવ સમ્યક્ત્વને માર્ગે વળે છે. ખરેખર તે વખતનો આનંદ, અને આહ્લાદ કોઈ અપૂર્વ જ હોય છે. તીર્થયાત્રા કરવાનું સાચું ફલ આ છે.

ઘણી વાર દૂર—દૂરની તીર્થયાત્રાએ મુમુક્ષુ-ઓને જવાનો લાભ મળે છે. એવા સ્થા-નોમાં જિંદગીમાં એક યા તો બે વાર મુશ્કેલી-થી જવાય છે. આવાં મહાન્ તીર્થોની યાત્રાનો લાભ લેવાનો ઉદ્દેશ આપણા કષાયો પાતળા પડે, આત્મશુદ્ધિ થાય, મૈત્રીભાવના વધે, મુક્તિના દ્વાર—માર્ગરૂપ સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થાય, એ માર્ગની દૃઢતા અને શુદ્ધિ થાય એ જ હોય છે.

અમૃત પીવા છતાં મનુષ્ય અમર ન થાય તો પાત્રદોષ જ સમજવો જોઇએ. તીર્થભૂમિના પવિત્ર વાતાવરણમાં આત્મિક શાંતિનું અમૃત ભર્યું હોવા છતાં તેનો લાભ આપણે ન ઉઠાવીએ તો તે આપણો જ દોષ કહેવાય. ઘણી વાર ભોળા મનુષ્યો તીર્થયાત્રાએ જવા છતાં 'હીરો ઘોઘે જઇ આવ્યો'ની માફક ખાલી હાથે પાછા વળે છે, પરન્તુ તે ભાઇઓએ વિવેક અને જ્ઞાનપૂર્વક તીર્થયાત્રા કરી તેનો લાભ લેવા પ્રયત્નશીલ થવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# —યાત્રા

શ્રી ન્યાયવિજયજી

તીર્થયાત્રાએ જનાર મુમુક્ષુઓએ *છ'રી'નું પાલન અવશ્ય કરવું જોઇએ. આજ તો રેલ્વે અને મોટરોનો યુગ છે. ઘેરથી નીકળે ત્યારથી વાહનમાં બેસો, ત્યાંથી સ્ટેશન પર આવી ગાડીમાં બેસો, ત્યાંથી તીર્થસ્થાને ઉતરી ધર્મશાળા સુધી વાહન અને ત્યાંથી તીર્થ-સ્થાન સુધી યે વાહન વિના ન જવાય. અને ધનાઢ્યો, શ્રીમંતો તો ડોળીમાં બેસીને ઉપર ચઢે. આ પરાધીનતા અને પરતંત્રતાથી યાત્રાનો પૂરો લાભ નથી ઉઠાવી શકાતો. અને ઘેરથી નીકળ્યા પછી પણ રાત્રે કે દિવસે ખાવાનો વિવેક, શુદ્ધિ નથી જળવાતી. સ્ટેશને ચા, ચેવડો, બરફ, આઇસ્ક્રીમ, સોડા લેમનનો વગર વિચાર્યે ઉપયોગ કર્યે જવું, રાત્રિભોજનનો પણ ત્યાગ ન થાય, અભક્ષ્યભક્ષણનો પણ ત્યાગ ન થાય. આજ તો કેટલાયે મહાનુભાવો તીર્થયાત્રાનું રહસ્ય સમજ્યા વિના તીર્થ-યાત્રાને આનંદ માણવાનું, મોજમજાહ માણ-વાનું, વિલાસ કરવાનું ટાણું માને છે. કેટલેક સ્થાને તો સેનેટેરીયમ જેવી પરિસ્થિતિ ઊભી કરી છે.

આ બધી પ્રવૃત્તિઓ તીર્થયાત્રાના ફળ-નો વિનાશ કરે છે. તીર્થયાત્રાએ જનાર મુમુક્ષુઓએ બ્રહ્મચર્યનું પાલન અવશ્ય કરવું જ જોઇએ, ઇન્દ્રિયોનો સંયમ અવશ્ય શીખવો જોઇએ, વિધિપૂર્વક કરેલી રસવતી જેમ રસપ્રદ અને આનંદપ્રદ બને છે તેમ વિધિપૂર્વક કરેલી તીર્થયાત્રા આત્મશુદ્ધિ-કારક, સંયમની નિશાળરૂપ અને તરવાના જહાજરૂપ બને છે.

अन्यस्थाने कृतं पापं, तीर्थस्थाने विनश्यति ।
तीर्थस्थाने कृतं पापं, वज्रलेपो भविष्यति ॥

આ ખ્યાલ રાખવાની પૂરેપૂરી જરૂર છે. સાથે જ તીર્થસ્થાનમાં જનારે પૂજા–ભક્તિમાં, પ્રભુભજન, વીતરાગ દેવના ધ્યાનમાં વધુમાં વધુ સમય ગાળવો જોઇએ. તીર્થની આશાતના થતી હોય ને તે જોવામાં આવે તો આશાતના દૂર કરવા પૂર્ણ કોશીશ કરવી જોઇએ.

સંસાર દાવાનલથી સંતપ્ત થયેલા પ્રાણીને શાંતિનું અમૃતપાન કરાવનાર તીર્થસ્થાનો જ છે. જૈનોને માટે ખાસ સિદ્ધગિરિજી, શિખરજી, પાવાપુરી, શંખેશ્વરજી, અજારાપાર્શ્વ-નાથજી, કુલ્પાકજી વગેરે વગેરે અનેક તીર્થ-ધામો છે. તીર્થો માત્ર જૈનો જ માને છે એમ નથી. સંસારના વિદ્યમાન મૂર્તિપૂજક કે અમૂ-ર્તિપૂજક દરેક ધર્મો જુદી જુદી રીતે તીર્થ માને છે. એ તીર્થભૂમિએ જતાં તેઓ પણ

---

* ભૂશયન, બ્રહ્મચર્યનું પાલન, સચિત્તનો ત્યાગ, એકાસણું, ગુરુ સાથે પાદવિહાર, સાંજ સ્વાર બન્ને સમયનાં પ્રતિક્રમણ, આ છરી કહેવાય છે. આ છરીના પાલનપૂર્વક તીર્થયાત્રાએ જનાર મુમુક્ષુ યાત્રાનો પૂર્ણ લાભ ઉઠાવે છે. હાલમાં વાહનોના યુગમાં યદિ તીર્થસ્થાનમાં પણ છ"રી" પાળવામાં આવે તોપણ મહાન લાભનું કારણ છે. વિધિપૂર્વક તીર્થયાત્રા કરનાર પ્રાણીને ભવભ્રમણ કરવું નથી પડતું. તીર્થયાત્રાની રજ લેનાર મુમુક્ષુના કર્મમલનો નાશ થાય છે માટે વિધિપૂર્વક અને શુદ્ધિપૂર્વક તીર્થયાત્રા કરવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शुद्धि અને સંયમ રાખે છે. અમૂર્તિપૂજક મુસલમાન સમાજ મક્કાની હજે જાય છે ત્યારે એટલી શુદ્ધિ રાખે છે કે જૂ પણ નથી મારતા. કપડાં શુદ્ધિથી સાફ રાખે છે. શરીર પણ સાફ રાખે છે અને ત્યાંના પવિત્ર સ્થાનને ચુમે છે, પ્રદક્ષિણા દે છે, નમસ્કાર કરે છે. આવી જ રીતે અંગ્રેજો પણ પોતાનાં તીર્થસ્થાનોને બહુમાનથી જુવે છે. કટ્ટર આર્યસમાજીસ્ટો પણ આર્યસમાજના સ્થાપક દયાનંદજીની મૃત્યુ-ભૂમિને પવિત્ર માને છે. તેમની અગ્નિદાહની ભૂમિમાં સ્મારક ઊભું કરવા ધારે છે. અને હમણાં હમણાં સ્થાનકમાર્ગી ભાઈઓ-તેના સાધુઓ પણ નવાં તીર્થસ્થાનો સ્થાપવા ધારે છે. તેમના સંપ્રદાયના પુજ કે કોઈ મોટા તપસ્વી સાધુના અગ્નિદાહના સ્થાને સ્તૂપ–પાદુકા કે સમાધિમંદિર સ્થાપી તેની પૂજા–અર્ચા કરાવે છે અને એમાં આત્મકલ્યાણ માને છે. એટલે આ ઉપરથી કહેવાનો આશય એટલો જ છે કે તીર્થસ્થાનો અર્વાચીન નથી. તેની સ્થાપના ઘણા જ પ્રાચીન કાળની છે.

આગળના સમયમાં પગે ચાલી તીર્થયાત્રાએ જતાં, ચારિત્ર ઉજ્જવલ થતું, ક્રિયાશુદ્ધિ જળવાતી, વચમાં આવતાં સ્થાન સ્થાનનાં તીર્થો, જિનાલયો અને શ્રી સંઘના દર્શનનો અમૂલ્ય લાભ મળતો. આજે અગ્નિરથ–રેલ્વેના પ્રતાપે બધું ઓછું થતું જાય છે, છતાંયે મુમુક્ષુઓ તીર્થરહસ્ય, તેની વિધિ બરાબર સમજીને તીર્થયાત્રા કરે તો અમૂલ્ય લાભ થાય તેમાં સન્દેહ નથી.

પુણ્યવંતા જગિ જે નરા
જે કરઇ તીરથ બુદ્ધિ કઈ
જીમ જીમ તીરથ સેવઇજી,
તિમ તિમ સમકિત શુદ્ધિ કઇ

× × ×

ધન્ય દિવસ તે વેલાસર
ધન્ય જીવ્યું માણુસ અવતાર
તીરથયાત્રા કરિ સુજાણ
તે નરનારી લહિ કલ્યાણ.

આ વચનોનો ખ્યાલ રાખી તીર્થયાત્રા જરૂર કરવી જોઇએ. આપણે સ્થાવર તીર્થ માટે ઉપર જોઇ ગયા. હવે જંગમ તીર્થ માટે પણ જોઇ લઇએ. શાસ્ત્રમાં કહ્યું છે કે तीर्थभूता हि साधवः સાધુઓ તીર્થરૂપ છે અર્થાત્ જંગમ તીર્થ સદ્ગુરુઓ છે. એટલા જ માટે શ્રી સોમપ્રભસૂરિજીએ લખ્યું છેઃ–

अवद्यमुक्ते पथि यः प्रवर्तते,
प्रवर्तयत्यन्यजनं च निःस्पृहः ।
स एव सेव्यः स्वहितैषिणा गुरुः,
स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥

**ભાવાર્થ**:–શુદ્ધ માર્ગમાં પોતે ચાલે છે અને નિઃસ્પૃહી એવા તે બીજાને પણ શુદ્ધ માર્ગે પ્રવર્તાવે છે. પોતાના હિતસ્વી મુમુક્ષુ જીવે પોતાને અને પરને તારવામાં સમર્થ એવા ગુરુ જ સેવવા યોગ્ય છે અર્થાત્ પોતાને અને પરને તારવામાં સમર્થ ગુરુની જ સેવા કરવી જોઇએ.

આથી આગળ વધીને તેઓશ્રીએ જણાવ્યું છે કેઃ–

किं ध्यानेन भवत्वशेषविषय-
त्यागैस्तपोभिः कृतं,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पूर्णं भावनयात्तमिन्द्रियदमैः
पर्याप्तमाप्तागमैः ।
किन्त्वेकं भवनाशनं कुरु गुरु–
प्रीत्या गुरोः शासनम्,
सर्वे येन विना विनाथबलवत्
स्वार्थाय नालं गुणाः ॥

વસ્તુતઃ સદ્ગુરુ મહાન્ તીર્થરૂપ જ છે. જંગમ તીર્થમાં મુખ્ય સ્થાન સંઘનું જ છે જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનું સ્થાન છે. તીર્થંકર મહારાજા પણ પ્રથમ તીર્થરૂપ સંઘની સ્થાપના કરી તીર્થ પ્રવર્તાવે છે એટલે આ જંગમતીર્થની બને તેટલી સેવા કરવી એ જરૂરી છે. સ્થાવર તીર્થનો ઉપાસક મુમુક્ષુ એમાંથી એક પણ તીર્થની ઉપેક્ષા ન કરી શકે.

સંઘરૂપ મહાન્ જંગમ તીર્થની સેવાનું ફલ જણાવતાં શ્રી સોમપ્રભસૂરિજી મહારાજ કથે છે કે:

यद्भक्तेः फलमर्हदादिपदवीमुख्यं कृषेः शस्यव-
च्चक्रित्वं त्रिदशेन्द्रतादि तृणवत् प्रासङ्गिकं गीयते।
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः,
सङ्घः सोऽघहरः पुनातु चरणन्यासैः सतां मंदिरम्॥

જેમ ખેતી કરનારને મુખ્યતયા અનાજ મળે છે અને સાથે સાથે ઘાસકુસ તો મળે જ છે તેમજ સંઘની ભક્તિ કરનારને મુખ્યતયા તીર્થંકરપદ વિગેરે મળે છે અને સાથે સાથે ચક્રવર્તી તથા ઇન્દ્રાદિપદ પણ મળે જ છે. વળી બૃહસ્પતિ પણ પોતાની જીભવડે જેનું સમ્પૂર્ણ માહાત્મ્ય કહી શકતો નથી તે પાપને હરનાર શ્રીસંઘ પોતાના ચરણ–સ્થાપનવડે સત્પુરુષોના મન્દિરોને પવિત્ર કરો.

જંગમ તીર્થરૂપ આ ઉત્તમ સંઘની સેવા–ભક્તિ કરવી એ દરેક મુમુક્ષુની ફરજ છે. આજે સ્થાવર તીર્થયાત્રાએ જનાર શ્રાવકો પોતાના સ્વધર્મી બન્ધુઓ તરફની ફરજ અદા કરવામાં ગંભીર ભૂલો કરે છે. યદિ પોતાને ઉતરવાનું સ્થાન મળ્યું એટલે પોતાના સ્વધર્મી બન્ધુને સ્થાન મળે કે ન મળે તેની એને ચિન્તા નથી; એટલું જ નહિં પણ ઘણી વાર શ્રીમંતો પોતાની લક્ષ્મીના બળથી સારું સ્થાન મેળવી લઇ સામાન્ય સ્થિતિના સ્વધર્મી બંધુને એના સ્થાનમાંથી બહાર કઢાવવા સુધીનું સાહસ કરે છે. આવી જ રીતે વાહનમાં બેસીને જતાં શ્રીમંતો શોખથી ચાલ્યા જતા હોય છે તે વખતે ટાંગાવાળા સાધુ–સાધ્વીઓને પણ અપમાનિત કરતાં નથી અચકાતા. આ તરફ પણ લક્ષ્ય આપી ઉપયોગથી–વિવેકથી વર્તવાની જરૂર છે.

અન્તમાં તરણતારણ તીર્થ, સ્થાવર અને જંગમ બન્નેની યાત્રા કરનારા મુમુક્ષુએ આત્મશુદ્ધિ કેમ થાય, પોતાના કષાયો કેમ પાતળા પડે, પ્રાણીમાત્રની સાથે મૈત્રીભાવ કેમ વધે તેનું પૂરેપૂરું લક્ષ્ય રાખવાની જરૂર છે. સાથે જ ખાનપાન, આચારવિચારમાં શુદ્ધિ રાખી સદાચાર વધે, જીવન પવિત્ર બને અને આપણી છાપ બીજા ઉપર પડે તથા તીર્થમાં ક્યાંય અવિધિ કે આશાતના ન થાય તે માટે બરાબર વિવેકથી વર્તવાની જરૂર છે.

દરેક મુમુક્ષુ તીર્થયાત્રા કરી આત્મકલ્યાણના માર્ગમાં આગળ ને આગળ વધે એ શુભેચ્છાપૂર્વક વિરમું છું. ૐ શાંતિ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कलिकालसर्वज्ञ १००८ श्री हेमचंद्राचार्य स्तुति

तरज--"धनधन वो जगमें नरनार विमलाचल के जानेवाले"

---

धन धन हेमचंद्र भगवान दयाके स्रोत बहानेवाले।
प्रतिबोधा कुमारपाल राजा साचा प्रजापाल।
जगजीवनका रखवाल दयालु कृपालु कहानेवाले ॥ १ ॥

कीना करुणा विस्तार वरताया श्रेष्ठाचार।
किया करुणामय संसार पशुबलिदान हटानेवाले ॥ २ ॥

उपदेशक सूरि अनेक हुए तुम जैसे तुम एक।
रख ली राजाकी टेक सलुक बागीसे करानेवाले ॥ ३ ॥

न्यायी कवि योगिराज जिनशासनके शिरताज।
जैनेतर जैन समाज सभीको मित्र बनानेवाले ॥ ४ ॥

किया सेवक पर उपकार बनाया शासनका सरदार।
आतमलक्ष्मी आधार हर्ष वल्लभको दिलानेवाले ॥ ५ ॥

आचार्य महाराज श्रीमद्विजयवल्लभसूरिजी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક :: **સવા લાખ ટકાનો દહાડો !** ચોકસી

સુધાચંદ્ર, જલ્દી પગ ઉપાડ, પ્હો ફાટે તે પૂર્વે તળાટીએ પહોંચવું જોઇએ. મિત્ર વિનયચંદ્ર, જૈનધર્મની દૃષ્ટિયે અજવાળું થયા વગર માર્ગગમન કરવું ઇષ્ટ લેખાય કે ? તો પછી જયણાનો પ્રશ્ન કયાં રહી શકે ?

અરે ભલા ભાઇ, ત્હારી ને મ્હારી નજર સામે માત્ર સાધ્વીઓના જ ટોળા નહિં પણ કેટલાક સાધુઓને અત્યાર પૂર્વે જતાં જોયા છતાં તને આ સવાલ ઉદ્ભવે છે ? આપણા શ્રાવકવર્ગ કરતાં તેમણી જયણા મોટી ગણાય છે. તેઓ ષટ્કાય જીવના રક્ષક કહેવાય છે અને એ માટે પ્રતિજ્ઞાબદ્ધ પણ છે.

સુહૃદ, એક તરફ પ્રભુ આજ્ઞા છે કે હથેલી સુઝયા વગર જવરઅવર તો શું પણ કોઇ નાનકડી ક્રિયા પણ ન કરવી, જ્યારે બીજી બાજુ ગાડરીયા વૃત્તિનું આવું પ્રદર્શન ! રસ્તે પડેલી ચીજ પણ ન દેખાય એવા અંધકારમાં આ ત્યાગીગણની દોડાદોડ (!) સાચે જ હૃદયને મુંઝવે છે ! જો પ્રશ્ન કરવામાં આવે તો કયાં તો જવાબ મળે કે આ તો 'શાશ્વત તીર્થ છે' 'મોડું કરાય તો તડકો થઇ જાય.' અથવા તો બચાવ થશે કે 'અમે જ માત્ર આમ કરીએ છીએ એવું નથી, મોટા મોટા સાધુઓ પણ આ રીતે વહેલાં જાય છે !'

વાત ફેંકી દેવા જેવી નથી. મુનિધર્મના બંધારણની નજરે ખાસ વિચારણીય છે પણ જ્યાં એકધારી નિર્નાયકતા પ્રવર્તે છે ત્યાં કહેવું કોને ? અને સાંભળે પણ કોણ ? કેવળ અરણ્યરુદન !

અહા ! કાર્તકી પૂર્ણિમાની આ મંગળ પ્રભાતે આપણે પણ અન્ય ચિંતન મૂકી કેવી ચર્ચામાં ઉતરી પડ્યા. આ તો ત્હારો સાથ મળ્યો નહિં તો હું ઘણુંખરું 'ચા-પાણી' પતાવી મોડો ચઢવા માંડું છું એટલે પાછા ફરવાની ઉતાવળ કરવી જ ન પડે. નિરાંતે પૂજનમાં સમય ગાળી શકાય અને ઉતરતાં લગભગ બે કે ત્રણ વાગે છતાં અકળામણ ન થાય.

ભાઇ, ત્યાગીગણે મર્યાદા છોડી અતિ વહેલું કરી મૂક્યું છે અને આપણે રાગીઓએ હદબહારનુ મોડું બનાવી દીધું છે. એમાં ચા-પાણીએ અને આંગી ઉતરવાના મોડા સમયે ઘી બોલવાની પ્રથામાં વ્યતીત થતાં કાળે સાથ પૂર્યો છે ! આમ કરવા જતાં પ્રાતઃકાળના મનોરમ કાળમાં કુદરતના ધીમે ધીમે શરૂ થતાં દૈનિક ક્રમમાં, આછાં આછાં પથરાતાં સહસ્રરશ્મિના સ્ફૂર્તિદાયક કિરણોમાં મધુર સ્વરે ટહુકાર કરી વાતાવરણમાં કલ્લોલ પ્રસરાવતાં પક્ષીગણના ગાનમાં જે અનેરો આનંદ સમાયો છે એ સર્વ ગુમાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેઠાં છીએ. ડુંગરના પગલે પગલે આ જાતનો જે કુદરતી મેળ જામતો એ પહોર દહાડે પગલા પાડવામાં ભૂલી જવાયો છે ! સૂર્યદેવના ભીના બનતાં તાપમાં ઠંડા પહોરની મજાનો આનંદ પ્રાપ્ત પણ કેવી રીતે થઇ શકે ?

આજનો મહાન દિવસ, આ સંખ્યાબંધ નરનારીઓના ગમનાગમન, કોઇ વંદીને આગળ વધે, કોઇ બાબુજીના દહેરાનો પંથ પકડે, કોઈ ચૈત્યસ્તવ માટે થોભે અને કોઇ તો સીધા ચઢવા માંડે ! વાતાવરણમાં કેવી રસમયતા ! એના પ્રથમ સર્જકને શા આશીર્વાદ દેવા ! સર્વત્ર ઉલ્લાસ ને આનંદનું એકછત્રી સામ્રાજ્ય ! સાચે જ સવા લાખ ટકાનો દહાડો ! કોને મીઠો ન લાગે ? પ્રાતઃકાળની ખુશનુમા મંદમંદ વાતો શીતળ વાયુ અને દૂર વૃક્ષો પર થતું ધીમું ગુંજન સાચે જ શત્રુંજયની પવિત્ર ભૂમિને સ્વર્ગીય પ્રદેશનો સ્વાંગ સજાવે છે.

ભાવનાભર હૃદયથી પથરા ઠેકતાં, એક પછી એક વિસામા વટાવતાં, રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થયેલ માનવગણને નિરખતાં આગળ વધ્યા. જોતજોતામાં ભલભલા પહેલવાનના બળને પણ માપે, ગમે તેવા દ્રઢ બાંધાવાળાના ગાત્રને પણ ઢીલા કરે એવો હિંગલાજનો હડો આવ્યો. એ ચઢાવ કપરો તો ખરો, છતાં જેમણે શ્રીસમેતશિખરજીના ચઢાવ જોયા છે કિંવા રાજગ્રહીના પાંચ પહાડની કેડીઓ ઓળંગી છે તેમને માટે નહિં જેવો જ. આમ છતાં એ અને નાના–મોટા ‘ માનમોડીયા ’ કસનારા તો ગણાય જ. એ ઉપર પહોંચ્યા કે ‘ ઇડરીયો ગઢ જીત્યા. ’

છાલાકુંડ પહોંચતાં જ કોઇ એવો વાયુ વાય છે કે આત્મા થાકને ભૂલી, સ્ફૂર્તિ ધારણ કરે છે. એકાએક હૃદયવીણાના તાર ઝણઝણવા માંડે છે. એના જોરે મુખદ્વાર ઉઘડે છે અને વિવિધવર્ણી આલાપો બહિરગત થાય છે.

કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે સાધુ અનંતા સીધ્યા રે–
અનીહાં રે વ્હાલો વસે વિમળાચળે રે
સિદ્ધાચળ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો છે
ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે
ધન ધન તે જગ પ્રાણિયા, મનમોહન મેરે
કરતા ભક્તિ પવિત્ર, મનમોહન મેરે.
તીરથની આશાતના નવિ કરીયે....ધૂપધાન ઘટા અનુસરીયે

ત્યાં તો સામે જ જુદા જુદા મહાત્માઓના પગની રજથી પાવન થયેલ ભૂમિકા ઉપર ખડા કરેલ સ્મૃતિચિન્હો યાને પગલા કે દહેરીઓ દેખાવા લાગી. એના દર્શનથી આત્મા વર્તમાન કાળ ત્યજી ભૂતમાં ઉડ્ડયન કરવા માંડી પડયો. ધ્વનિ ઊઠવા લાગ્યો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાથી આ ગિરિ તીર્થાધિરાજ કહેવાયો ? શા કારણે અન્ય ચૌદ ક્ષેત્રોમાં આ સરખું અન્ય તીરથ નથી ? કેવા સંયોગોની સાનુકૂળતા એને પ્રાપ્ત થઇ કે આ તીર્થ પર ચાલુ અવસર્પિણીના એક પણ તીર્થંપતિનું એકાદું કલ્યાણુક ન હોવા છતાં એની મોટપ વધી પડી અને ગણના શાશ્વત સ્થાનમાં થઇ ? જાણે એ ધ્વનિના પ્રત્યુત્તરરૂપે જ ન હોય તેમ શ્રી વીરવિજય મહારાજની નવાણું પ્રકારી પૂજા યાદ આવી.

આ તે જ પવિત્ર ભોમ કે જ્યાં દશ કોડી અણગાર સાથે દ્રાવિડ અને વારિખિલ્લ મુનિઓ સિદ્ધિવધૂને વર્યાં. ભરતચક્રીની પાટે આવનાર અસંખ્યાતા ભૂપોનું આ મુક્તિસ્થાન, કોડી સાધુના પરિવાર યુક્ત સાગર મુનિ અને પાંચ કોડી સહ ભરતમુનિ આ સ્થળે કાયમને માટે કર્મરાજના પાશમાંથી છૂટયા. અજિતસેન, આદિત્યશા, પુંડરીક ગણધર, શાંબ અને પ્રદ્યુમ્ન, નારદજી, વસુદેવની નારીઓ, દમિતારી મુનિ, થાવચ્ચા પુત્ર, શુક પરિવ્રાજક, વૈદર્ભી, અચંભી તેમજ સેલગ આચાર્ય અને સુભદ્રમુનિ જેવા પ્રસિદ્ધ આત્માઓ એકાકી–અટુલા નહિં પણ સાથમાં સંખ્યાબંધ પરિવાર લઈને આ પૂનિત ભૂમિમાં–એના વિશુદ્ધમય વાતાવરણમાં વિચરી અને શુક્લ ધ્યાનરૂપી લહેકીના જોરે સદાને માટે આ ભવભ્રમણના પારને પામ્યા–પરમાત્મભાવને વર્યા–સાદિ અનંત કાળ માટે સિદ્ધશિલા પરના વસનાર થયા. શત્રુનો જય કરવામાં, કર્મરૂપ ગાઢ તિમિર ભેદવામાં આ ગિરિ તેઓને સ્હાયરૂપ થયો અને જેની સ્હાયવડે અસંખ્યાત્માઓનો ઉદ્ધાર થાય એ સ્થાન શાશ્વત ગણાય વા એ પહાડ અન્ય પર્વતોમાં મહાગિરિ લેખાય એમાં આશ્ચર્ય પણ શું ? વળી જાલિ, મયાળી ને ઉવયાળી જેવા પાપીઓનો જ્યાં ઉદ્ધાર થાય તેની પવિત્રતાનું શું કહેવું ?

એવા પવિત્ર ગિરિના દર્શન, એ પર વિરાજમાન અને માત્ર પાંચ પચીસ વાર નહિં પણ નવાણુ પૂર્વ વાર આ ગિરિ પર પધારનાર શ્રી યુગાદિજિનેશ, જેમણે નજરે નિરખવાનો યોગ સાંપડે છે એની એ ઘટિકાનું શું મૂલ્યાંકન કરી શકાય ? એ દિવસ લાખેણો હોય તેમાં આશ્ચર્ય પણ કેવું ? આત્મા ભાવશ્રેણિ પર આરૂઢ થાય તો સમય માત્રમાં કામ કાઢી લે એ યોગનો સાંધો સાંધનાર પવિત્ર દિવસ સાચે જ સવા લાખનો ગણાય.

એ વેળા નિમ્ન દુહો દૃષ્ટિ સન્મુખ રાખી, ઉછળતા હૈયે અને ઉભરાતા પ્રેમે શાસ્ત્રોક્ત વિધિથી, દ્રવ્ય–ભાવ પૂજા કરાય તો આત્મા અવશ્ય ઉન્નતિ પંથે પળે. એમાં સંશયને સ્થાન જ ન રહે. એણે માટે મહાવિદેહના દ્વાર ઉઘડે જ, પણ એ વેળા નિમ્ન લિખિત દુહાની રમણુતા ને જીર્ણ શ્રેષ્ઠીની ભાવના હોય તો જ.

અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યે દ્રવ્યવિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री कुमारपालभूपालप्रतिबोधक कलिकालसर्वज्ञ १००८ श्री

# श्रीमद् हेमचंद्राचार्य स्तुति

( तरज )

गाम भोंयणीवाले तुमको लाखों प्रणाम,
गाम धंधूकावाले तुमको वंदन वार हजार, तुमको वंदन वार हजार

कारतक पुनम जन्म को पाया, मात पिताका मन हर्षाया ।
चंग नाम शुभ धार, तुमको वंदन वार हजार ॥ १ ॥
पांचवां वर्ष चंगको आवे, देवचंद्रसूरि वहां जावे ।
देखे बालक धार, तुमको वंदन वार हजार ॥ २ ॥
सुंदर कंचन रूप सुहाया, नरनारी सबके मन भाया ।
गुरुको दिया उपहार, तुमको वंदन वार हजार ॥ ३ ॥
देवचंद्रसूरि संजमदाता, स्तंभन तीर्थ संघ गुण गाता ।
नाम सोमचंद सार, तुमको वंदन वार हजार ॥ ४ ॥
विद्यावान गंभीर अपारा, योग्य जान सूरिपद धारा ।
हेम नाम सुखकार, तुमको वंदन वार हजार ॥ ५ ॥
हेमचंद्र गुरुराज हमारे, नर नरपति सब दास तुमारे ।
कीना बहु उपकार, तुमको वंदन वार हजार ॥ ६ ॥
कुमारपाल जिनधर्मी बनाया, कलिकालसर्वज्ञ कहाया ।
जगजीवन आधार, तुमको वंदन वार हजार ॥ ७ ॥
अद्भुत साहित्य रचना करके, जैन जगत को ऊंचा धरके ।
लिया सब से सहकार, तुमको वंदन वार हजार ॥ ८ ॥
वल्लभसूरिकी शरणे जाके, सोहन गुरुके नित गुण गाके ।
समुद्र वंदे जयकार, तुम को वंदन वार हजार ॥ ९ ॥

आचार्यमहाराज श्रीमद्विजयवल्लभसूरिजीके प्रशिष्य

**पं. समुद्रविजयजी**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## મુનિ શ્રી હિમાંશુવિજયજીના લેખો

સંપાદક વ્યાખ્યાનચૂડામણિ શ્રી **વિદ્યાવિજયજી** મહારાજ

**સંસ્કૃત પ્રાકૃત** વિભાગમાં ૨૫, હિંદી વિભાગમાં ૧૪ અને ગુજરાતી વિભાગમાં ૩૧ મળી ૭૦ લેખો કે જે વિદ્વત્તાપૂર્ણ અનેક ગ્રંથોના અભ્યાસના અનુભવ પછી જૈન ઇતિહાસ, સાહિત્ય, શિલા-લેખો, શિક્ષણ વગેરે ઉપર બહુ જ સુંદર મનનીય રીતે સદ્‌ગત લેખક મુનિરાજે લખ્યાં છે જૈન સાહિત્યના કોઇ પણ વિષય ઉપર ખરેખરા અભ્યાસ વગર આવા લેખો લખી શકાતા નથી. અમો એમ માનીયે છીયે કે લેખક મુનિરાજનો બાળવયમાં સ્વર્ગવાસ ન થયો હોત તો જૈનસમાજ ઘણું સુંદર સાહિત્ય નવું મેળવી શકત, પણ ભાવીભાવ બળવાન છે. તેઓશ્રીનો આટલો પણ અનુભવ જૈનસમાજનેનો ખરેખર ઉપયોગી જ છે. તેઓશ્રીના ગુરૂરાજશ્રી કૃપાળુ વિદ્યાવિજયજી મહારાજે સંપા-દક તરીકે આ ગ્રંથ પ્રકટ કર્યો છે તેથી સમાજ તેઓશ્રીની આભારી છે. કિંમત રૂા. ૧–૮–૦ પ્રકા-શક વિજયધર્મસૂરિ ગ્રંથમાળા, છોટા સરાફા-ઉજ્જૈન.

---

**જૈન ધર્મ**—આ ગ્રંથના લેખક વ્યાખ્યાનચૂડામણિ શ્રી **વિદ્યાવિજયજી** મહારાજ છે. તેઓની વિદ્વત્તા, લેખક, વ્યાખ્યાતા, ઉપદેશક, સમયજ્ઞ માટે બે મત છે જ નહિં. કરાંચી શહેરના ચાતુર્માસ દરમ્યાન અપાયેલ ભાષણશ્રેણીઓ કે જે પત્રિકારૂપે પ્રગટ થયેલ છે તે જૈન જૈનેતર સમાજને જાણીતી છે. તેઓ દરેક વિષય ઉપર અનુભવસિદ્ધ રૂચિકર અને સુંદર પ્રવચન કરી શકે છે. આવા વિદ્વાન ધર્મગુરુએ લખેલ જૈન ધર્મ ઉપર ત્રીશ લેખો જેમાં નવ તત્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, લેશ્યા, નય, સપ્તભંગી ઉપર સરલ અને સંક્ષિપ્તમાં બહુ જ મનનીય જૈન ધર્મનું સ્વરૂપ હિંદી ભાષામાં આપ્યું છે. પાઠશાળામાં ચલાવવા જેવો આ લઘુ ગ્રંથ કે જે દરેકે વાંચવા જેવો છે. કિંમત બે આના. ઉપરોક્ત ઉજ્જૈનની સંસ્થાએ પ્રકટ કરેલો છે.

---

**સ્તવનામૃત સંગ્રહઃ**–પ્રકાશક શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા. જુદા જુદા તીર્થંકર ભગવાનોના સ્તવન, ગૌતમસ્વામીનો રાસ અને આરાધનાનું સ્તવન અને ગુરુ ગહુંલી, સજ્ઝાયો અને જુદી જુદી આરતીઓ અને મંગળદીવા વિગેરેનો સમુદાય મુનિરાજશ્રી અમૃતવિજયજી ગણિ-વર્ય તરફથી બનાવેલો તે આપીને આ લઘુ બુકમાં કર્તા મુનિમહારાજે ગુરુભક્તિ દર્શાવી છે.

---

**વીર દયાલદાસઃ**––લેખક નાગકુમાર મકાતી. બી. એ. એલ.એલ. બી. વડોદરા. પ્રકાશક. જ્યોતિ કાર્યાલય લી. અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## જૈન શ્વે૦ કોન્ફરન્સનું પંદરમું અધિવેશન

ભાવનગરખાતે મળનાર કોન્ફરન્સના પંદરમા અધિવેશનને અંગે ગત તા. ૨-૧૧-૩૮ ના રોજ સ્વાગત સમિતિની પ્રથમ મીટીંગમાં સ્વાગતાધ્યક્ષ, જનરલ સેક્રેટરીઓ, અન્ડર સેક્રેટરીઓ વગેરેની ચુંટણી કરવામાં આવ્યા બાદ, કોન્ફરન્સની ઓફીસ ખુલ્લી મુકવામાં આવેલ છે અને અધિવેશનની સફળતા માટે જુદી જુદી દિશામાં યોગ્ય પ્રચારકાર્ય ચાલી રહ્યું છે.

તા. ૬-૧૧-૩૮ ના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં રાત્રીના આઠ કલાકે સ્વાગતાધ્યક્ષ શ્રીયુત જીવરાજભાઇ ઓધવજીભાઇ દોશીના પ્રમુખપણા નીચે કોન્ફરન્સની સ્વાગત સમિતિની જનરલ મીટીંગ મળતા આવેવાન સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

કાર્યના આરંભમાં અધિવેશનની સફળતા, સંગઠન અને કર્તવ્યદિશાને અંગે થોડી ચર્ચા થવા બાદ જુદા જુદા કામોને પહોંચી વળવા માટે કાર્યોના વિભાગ પાડી વધુ સભાસદો ચુંટવાની સત્તા સાથે જુદી જુદી સમિતિઓ નિયુક્ત કરવામાં આવી હતી.

કમિટિઓ નિયુક્ત થવા બાદ એક વધારે અન્ડર સેક્રેટરી તરીકે શેઠ હરિલાલ દેવચંદની ચુંટણી કરવામાં આવી હતી.

---

સાહિત્યરસિક ભાઇ નાગકુમાર પ્રકાતી વકીલાતના ધંધામાંથી સમય મેળવી સાહિત્યસેવાના આવા ઐતિહાસિક ગ્રંથો લખી નવલકથા સાહિત્યમાં વધારો કરે છે. ઔરંગઝેબ અને મેવાડના રાજસિંહના સમયમાં થઇ ગએલ વીર પુરુષ જૈન દયાળદાસનું આ બુકની અંદર સુંદર વર્ણન અને ઘટના સારી રીતે વર્ણવેલી છે. પ્રસંગને રસમય બનાવવાની ભાઇ નાગકુમારમાં સરસ આવડત છે એમ આ ગ્રંથ કહે છે. ગ્રંથ રસિક અને વાંચવા જેવો છે. ભાઇ નાગકુમાર નવલકથા સાહિત્યના આવા ગ્રંથો વિશેષ લખે એમ અમે ઇચ્છીએ છીએ. જ્યોતિ ગ્રંથમાળાના દશમા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. કિંમત રૂપીયો દોઢ. પ્રકાશકને ત્યાંથી મલશે.

---

**ધર્મગીતાંજલી** આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની ૧૬મી જયંતિ નિમિત્તે સ્તુતિરૂપ પંચાશિકા (૨) **જગતગુરુ ચરિત્ર** ( પદ્યમાં ) શ્રીમદ્ હીરવિજયસૂરીશ્વરજીની ૩૪૨ જયંતિ નિમિત્તે કાવ્યાત્મક જીવન એ બંને ગ્રંથના પ્રકાશક માવજી દામજી શાહ છે. પ્રસંગને અનુસરતા બંને કાવ્યો લેખક મહાશયે આપ્યા છે.

---

**ધી આત્માનંદ** વોલ્યુમ ૧લું. અંક ૧લો પ્રકાશક. શ્રી આત્માનંદ જૈન કોલેજ-અંબાલા.

અંગ્રેજી, હિંદી અને ફારસી એ ત્રણ ભાષામાં ઉપરોક્ત કોલેજ તરફથી મેગેઝીન પ્રકટ થયું છે. જૈન કોલેજ તરફથી પ્રગટ થયેલું આ માસિક તેમાં આવેલા ઇંગ્લીશ અને હિંદી લેખોનું અવલોકન કરતાં શરૂઆત યોગ્ય રીતે થઇ છે. અમે તેની ભવિષ્યમાં ઉન્નતિ ઇચ્છીએ છીએ અને તેને બહોળો પ્રચાર થવા પામે તે રીતે તે ઉત્તેજનને પાત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો

૧. શેઠ ભોગીલાલભાઇ મગનલાલ પે. વ. લા. મે. અમદાવાદ હાલ ભાવનગર
૨. શાહ સૌભાગ્યચંદ જીવણભાઇ વાર્ષિક સભાસદ ,,
૩. શાહ હરીચંદ જીવરાજ ,, ,,
૪. વકીલ ચત્રભુજ જયચંદ શાહ ,, ,,
બી. એ. એલ.એલ. બી.
૫. શાહ મણીલાલ અમરચંદ ,, ,,
૬. શાહ દુર્લભજી દેવચંદ ,, ,,

# શ્રી મહાવીર જીવન ચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તાર પુર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુકત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થયેલ હોવાથી ચાલતા ધોરણ પ્રમાણે માગશર સુદ ૨ના રોજથી રવાના કરવામાં આવશે જે સ્વીકારી લેવા વિનંતિ છે.

૧ **શ્રી મહાવીર જીવનચરિત્ર** ( સચિત્ર ) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩-૦-૦

૨ **શ્રી આત્મકાન્તિ પ્રકાશ**—પૂજ્ય પ્રવતર્કજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિરસભર્યા વિવિધ સ્તવનો ( જેમાં મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉત્તમ ભોજકની કૃતિઓનો સમાવેશ થાય છે. વેચાણ માટે સીલક નથી )

૩. " **મહામેઘવાહન જૈન રાજા ખારવેલ** " પ્રાચિન ઐતિહાસિક જાણવા જેવી હકીકતપૂર્વક ગ્રંથ. ( વેચાણ આપવાની નથી ) રૂા. ૧-૦-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત,

# શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર

[ મહાકાવ્ય ] ( પ્રથમ પર્વ )

શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝનો સાતમો આ મહાન્ ગ્રંથ છત્રીસ હજાર શ્લોકપ્રમાણુ છે.

આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ**ની આજ્ઞા અને ઇચ્છા મુજબ સંપાદકનું કાર્ય તેઓશ્રીના પ્રશિષ્ય મુનિરાજ **શ્રી ચરણુવિજયજી** મહારાજે હાથ ધરેલું છે. આ ગ્રંથ વ્યાખ્યાન માટે અતિ ઉપયોગી, ચરિતાનુયોગમાં પ્રથમ દરજ્જો ધરાવનાર, સંસ્કૃત ભાષાના અભ્યાસી માટે સરળ, સુંદર અને જેની રચના, સંકલના તથા શૈલી અનુપમ છે, જ્ઞાનભંડારો અને લાઇબ્રેરીના શણગારરૂપ, પઠન–પાઠન માટે આવશ્યકીય ગ્રંથ છે. આ મહાકાવ્યની અપૂર્વ રચના માટે જૈન અને જૈનેતરો એક અવાજે પ્રશંસા કરે છે.

આ ગ્રંથની અગાઉ થયેલી આવૃત્તિઓમાં રહેલી અનેક અશુદ્ધિઓનું બહુ જ પરિશ્રમવડે સંશોધન કરવામાં આવ્યું છે, અને ઊંચા કાગળો, સુંદર ટાઇપોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલ છે. આ ગ્રંથમાં વિસ્તારથી અનુક્રમણિકા, પ્રાસ્તાવિક નિવેદન, પ્રોફેસર **હિરાનંદજી** શાસ્ત્રી ગાયકવાડ સરકારના શોધખોળખાતાના અધિકારીનું આ ગ્રંથની ગૌરવતા માટેનું નિવેદન, પાટણુ–અમદાવાદ વિગેરેના પ્રાચીન ભંડારમાંહેની તાડપત્રીય પ્રતો કે જેના ઉપરથી આ ગ્રંથનું સંશોધન થયેલું છે, તેના પ્રતોના સુંદર ફોટાઓ વગેરેથી આ ગ્રંથની સંકલના કરવામાં આવી છે. આ ગ્રંથના સંશોધનકાર્યમાં પ્રવર્ત્તકજી **શ્રી કાંતિવિજયજી** મહારાજશ્રીના પ્રશિષ્ય સાક્ષરવર્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે સંશોધનનું ઉત્તમ કાર્ય કરેલું છે તેમજ હાલમાં શ્રી ચરણુવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થતાં આ. **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની આજ્ઞા મુજબ વિદ્વદ્વર્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથનું સંશોધન કાર્ય હાથ ધર્યું છે જેથી હવે પછીનાં પર્વો વિભાગોમાં પણુ તેની ગૌરવતામાં વધારો થશે. વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જરૂર છે. આ પર્વમાં જે આર્થિક સહાયો મળી છે તે મૂળ કિંમતમાંથી બાદ કરી બાકીની કિંમત દોઢ રૂપીયો રાખેલ છે. દરેક પર્વોમાં કિંમત માટે તેમ થશે.

પ્રત અને સુંદર બાઈન્ડીંગ વગેરેથી અલંકૃત બુકાકારે પ્રગટ થયેલ છે.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only